
16-7-97 8-6-97 5-11-96



* પોતાની પર્યાયમાં થવાવાળો રાગ અને થવાવાળી શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો વિકલ્પ એ સ્વભાવમાં છે જ નહીં. અકર્તાપણું આવવું એ જ મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૬ / સં. ૨૦૫૨ (૬૩૬) * આત્મધર્મ * (અંક-૪ / વર્ષ-૫૩) વીર સં. ૨૫૨૨ / ઓકટોબર, ૧૯૯૬

# ભૂલ્યા....ભટક્યા....ને....ભગવાન બન્યા

[ ભગવાન મહાવીરની વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક કથા ]

ભગવાન મહાવીરનો જીવ અનાદિકાળથી ચારગતિઓના ચોરાશી લાખ યોનિઓમાં રખડતા રખડતા એક વખત વનમાં પુરુરવા નામનો ભીલોનો રાજા થયો. તે વનમાં સાગરસેન નામના મુનિરાજને દેખતા મૃગ સમજીને પુરુરવા ભીલ તેમને બાણ મારવા તૈયાર થયો ત્યારે તેની સ્ત્રીએ કહ્યું કે બાણ મારશો નહિ, એ તો વન-દેવતા છે. એ જાણી ભીલ ખુશી થયો અને મુનિરાજ પાસે જઈને ભક્તિથી નમસ્કાર કરીને તેમનો ઉપદેશ સાંભળીને શાંત થયો અને તેમની પાસે માંસ આદિ ત્રણ પ્રકારના ત્યાગનું વ્રત ગ્રહણ કર્યું અને જીવન પર્યંત આદરપૂર્વક વ્રતનું પાલન કર્યું. આયુષ્યના અંતે સૌધર્મ સ્વર્ગમાં એક સાગરના આયુષ્યવાળો દેવ થયો અને ત્યાં સ્વર્ગની સુખ-સામગ્રીનો ઉપભોગ કરી સ્વર્ગનું આયુષ્ય પૂરું કરી અયોધ્યાનગરીમાં ભરતચક્રવર્તીનો પુત્ર મારીચકુમાર થયો.

વૃષભદેવની દીક્ષા સમયે ગુરુભક્તિથી પ્રેરાઈને મારીચકુમારે કચ્છ આદિ રાજાઓની સાથે દીક્ષા લીધી. ઘણો સમય તપશ્ચરણનો કલેશ અને ક્ષુધા આદિના પરિષહ સહન કર્યાં પરંતુ સંસારવાસની દીર્ઘતાના કારણે વસ્ત્રફળ આદિને ગ્રહણ કરવા લાગ્યો ત્યારે દેવતાઓએ કહ્યું કે નિર્ગ્રંથ માર્ગમાં એ ચાલી શકે નહિ. માટે અન્ય વેશ ગ્રહણ કરો! દેવોનું આ વચન સાંભળી પ્રબળ મિથ્યાત્વથી પ્રેરિત થઈને સાંખ્યમતના પરિવ્રાજકની દીક્ષા લીધી અને પરિવ્રાજક શાસ્ત્રોનું જ્ઞાન પણ સ્વયં પ્રગટ થઈ ગયું.

તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિ સાંભળીને પણ સત્યધર્મ ગ્રહણ ન કર્યો. તેણે વિચાર્યું કે જે રીતે દાદા વૃષભદેવે પરિગ્રહોનો ત્યાગ કરીને ત્રણ લોકમાં ક્ષોભ ઉત્પન્ન કરવાનું સામર્થ્ય પ્રગટ કર્યું છે તેમ હું પણ સંસારમાં મારા વડે બીજો મત ચલાવી ઇન્દ્ર દ્વારા પૂજા પ્રાપ્ત કરું. આ પ્રકારે માન કષાયથી ખોટો માર્ગ ચલાવ્યો અને કપીલ આદિ શિષ્યોને ઘણો કાળ ઉપદેશ આપ્યો.

આયુષ્યના અંતે મરીને બ્રહ્મસ્વર્ગમાં દસ સાગરની સ્થિતિવાળો દેવ થયો. દેવનું આયુષ્ય પૂરું કરીને અયોધ્યામાં જટીલ નામે બ્રાહ્મણ થયો અને તાપસ થઇ પરિવ્રાજકનો મત ચલાવી આયુના અંતે મરીને સૌધર્મસ્વર્ગમાં બે સાગરની સ્થિતિવાળો

[ અનુસંધાન માટે જુઓ પાનું ૮ ]

કહાન સંવત-૧૬
વર્ષ-૫૩
અંક-૪
[ ૬૩૬ ]

વીર સંવત ૨૫૨૨
સં. ૨૦૫૨
OCT.
A. D. 1996




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

# ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૧૧ ]

* શ્રોતાઃ–આત્મા પરમાં તો કાંઈ ફેરફાર ન કરી શકે એ તો ઠીક, પણ પોતાની પર્યાયોમાં ફેરફાર કરવામાં પણ તેનો કાબુ નહિ?

પૂજ્ય ગુરુદેવઃ–અરે ભાઈ! જ્યાં દ્રવ્યને નક્કી કર્યું ત્યાં વર્તમાન પર્યાય પોતે દ્રવ્યમાં વળી જ ગઈ. પછી તારે કોને ફેરવવું છે? મારી પર્યાય મારા દ્રવ્યમાંથી આવે છે એમ નક્કી કરતાં જ પર્યાય દ્રવ્યમાં અંતર્મુખ થઈ ગઈ, તે પર્યાય હવે ક્રમે ક્રમે નિર્મળ જ થયા કરે છે અને શાંતિ વધતી જાય છે. આ રીતે પર્યાય પોતે જ્યાં દ્રવ્યમાં અંતર્મગ્ન થઈ ગઈ ત્યાં તેને ફેરવવાનું ક્યાં રહ્યું? તે પર્યાય પોતે દ્રવ્યના કાબુમાં આવી જ ગયેલી છે. પર્યાય આવશે ક્યાંથી?—દ્રવ્યમાંથી, માટે જ્યાં આખા દ્રવ્યને કાબુમાં લઈ લીધું (–શ્રદ્ધા–જ્ઞાનમાં સ્વીકારી લીધું) ત્યાં પર્યાયો કાબુમાં આવી જ ગઈ એટલે કે દ્રવ્યના આશ્રયે પર્યાયો સમ્યક્ નિર્મળ જ થવા માંડી. જ્યાં સ્વભાવ નક્કી કર્યો ત્યાં જ મિથ્યાજ્ઞાન ટળીને સમ્યગ્જ્ઞાન થયું, મિથ્યાશ્રદ્ધા પલટીને સમ્યગ્દર્શન થયું.—એ પ્રમાણે નિર્મળ પર્યાય થવા માંડી તે પણ વસ્તુનો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ ફર્યો નથી ને પર્યાયોના ક્રમની ધારા તૂટી નથી. દ્રવ્યના આવા સ્વભાવનો સ્વીકાર કરતાં પર્યાયની નિર્મળ ધારા શરૂ થઈ ગઈ ને જ્ઞાનાદિનો અનંતો પુરુષાર્થ તેમાં ભેગો જ આવી ગયો.

આત્મા જ્ઞાનસ્વભાવી છે. આત્મા અને જ્ઞાનને એક ગણી સર્વવિશુદ્ધજ્ઞાન કહેલ છે. સમ્યગ્જ્ઞાનીને સમ્યગ્જ્ઞાનમાં શું શું થઈ રહ્યું છે તેનો અધિકાર છે. શુદ્ધ આત્મજ્ઞાનનો એટલે શુદ્ધ આત્મદ્રવ્યનો અધિકાર છે. શુદ્ધાત્માનું શું કાર્ય છે, તેનો આ અધિકાર છે. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્-સાત તત્ત્વમાં જીવ જ્ઞાયકભાવ છે. જીવ પોતાના એક પછી એક જ્ઞાનના પરિણામરૂપે ઉપજતો જીવ જ છે. દ્રવ્ય-ગુણ-પર્યાય થઈને જીવ છે, તેના ક્રમબદ્ધમાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રના પરિણામ આવી જાય છે. પર્યાયની હારમાળા વર્તી રહી છે. જ્ઞાન વર્તમાન પર્યાયને જાણે છે. તે પર્યાય જ્ઞાયકમાંથી નવો ઉત્પન્ન થાય છે. તે પોતાને જાણતો ને શ્રદ્ધા આદિના પરિણામને જાણતો સમયે સમયે નવો નવો ઉપજતો જીવ જ છે. જે પરિણામ ઊપજ્યો તેને જાણતો, નબળાઈને જાણતો, પોતાનો જ્ઞાનપર્યાય ક્રમબદ્ધ ઊપજતો જાય છે. અહીં રાગને જ્ઞાનમાં જ્ઞેય ગણેલ છે. સાધકદશા છે તેથી રાગ થાય છે પણ તેને ગૌણ કરેલ છે. સ્વપરપ્રકાશક જ્ઞાનના સામર્થ્યથી દ્રવ્ય-ગુણ-પર્યાયને તથા રાગને જાણતો જીવ જ છે. તે બીજાને ઉપજાવતો નથી અને બીજાથી ઊપજતો નથી. જ્ઞાતાદ્રષ્ટાનું કામ કરે છે તે જીવ જ છે, અજીવ નથી. આસ્રવથી અને બીજા નિમિત્તોથી પોતે ઊપજતો નથી માટે અજીવ નથી. તાવત્ શબ્દ ટીકામાં છે. અર્થાત્ પ્રથમ મુદ્દાની રકમની વાત એ છે કે જીવ પોતાના ક્રમબદ્ધ-હારબદ્ધ એવા પરિણામને પહોંચી વળે છે.

આ જૈન શાસન છે. જ્ઞાયક આત્મા જ્ઞાયકપણાના પરિણામથી અનંતગુણોના વીતરાગી પરિણામને તથા અલ્પરાગને જાણતો ઊપજે છે. આ જીવનું કાર્ય છે. જીવ કારણ છે ને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આદિ વીતરાગી પરિણામરૂપે ઊપજવું તે કાર્ય છે. રાગરૂપે ઊપજવું તેનું કાર્ય નથી-માટે અજીવ નથી. આમ જીવનું ભાન થતાં જીવ-સંવર-નિર્જરા અને મોક્ષની પ્રતીતિ આવે છે. પોતે જીવ જ્ઞાયક છે. ઊપજવાના પરિણામમાં સંવર-નિર્જરા આવ્યા. પોતામાં શક્તિ છે. તેમાંથી પૂર્ણ પર્યાય પ્રગટશે માટે મોક્ષની પ્રતીતિ આવી ને રાગાદિ આસ્રવ-બંધરૂપે પોતે નથી તથા પોતે બીજા અજીવરૂપે પણ નથી—એમ સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં જાણી લીધું. એમાં અજીવ આસ્રવ-બંધની પ્રતીતિ આવી. આ રીતે સાતે તત્ત્વની શ્રદ્ધા આવી જાય છે.

હવે અજીવના ક્રમબદ્ધની વાત ચાલે છે. રામચંદ્રજી તથા સીતાજી જંગલમાં હતા; પોતે જ્ઞાની છે. ક્ષણે ક્ષણે જ્ઞાનાદિ ગુણો પરિણમી રહ્યા છે. પોતે કલાના જાણનાર છે. નવા માટીના વાસણ બનાવી તેમાં રસોઈ કરે છે. ત્યાં માટીમાં પર્યાય ક્રમસર થાય છે તે તેમના આત્માને લીધે નહિ. માટીનાં વાસણ થાય છે એમ સ્વના જ્ઞાનમાં જણાય છે, માટીનાં વાસણને લીધે જ્ઞાન નથી અને જ્ઞાનને લીધે માટીના વાસણ બન્યાં નથી,

તે પરમાણુનો કાર્યકાળ ક્રમસર છે. અજીવ પણ નિયમબદ્ધ પર્યાયની હારમાળાપણે પરિણમે છે. માટીમાંથી અનેક પ્રકારના વાસણ થાય છે. રામચંદ્રજી મુનિને આહાર આપે છે તે ક્રમબદ્ધ તેના કારણે પરિણમે છે. તેઓ જાણે છે કે "મારું જ્ઞાન મારા કારણે ક્રમબદ્ધ થાય છે. હું આહાર દેતો નથી. તેમ જ માટીના વાસણ બનાવતો નથી, હું તો માત્ર જ્ઞાયક છું"—એમ જ્ઞાયકભાવની પ્રતીતિ થઈ છે. પોતે પોતાના રાગરહિત પરિણામનું પોતા વડે, પોતાને પોતામાંથી પોતાના આધારે દાન આપે છે. આમ છ કારકો એક સાથે છે. જડની ક્રિયાનું કે રાગનું દાન હું દેતો નથી, ભાષામાં એમ આવે કે અહો મુનિરાજ! પધારો! પધારો! અમારા અહો ભાગ્ય છે કે "અમારે આંગણે આપ પધાર્યા અમારે આજે કલ્પવૃક્ષ ફળ્યા." એમ ભાષા ક્રમબદ્ધ પરિણમે છે ને જ્ઞાન પણ ભાષાદિને પોતાના સ્વ-પર-પ્રકાશક સ્વભાવમાં જાણી લ્યે છે. રામે વાસણ બનાવ્યાં એ કથન માત્ર છે. સ્કંધના કાર્યકાળે વાસણરૂપ દશા થઈ છે. કેવળજ્ઞાનીએ જોયું છે માટે અજીવની પર્યાયની હારમાળા થઈ છે એમ નથી. આહાર, પાણી, હાથ આદિની ક્રમબદ્ધ અવસ્થા થાય છે એમ કેવળજ્ઞાની જાણે છે, ને જણાવે છે. આહારદાનની ક્રિયા થાય તે ક્રમબદ્ધ ઊપજે છે. જીવના જ્ઞાનને લીધે કે રાગને લીધે તે ક્રિયા થતી નથી, માટે તે અજીવ જ છે, જીવ નથી. રામચંદ્રજી સવારમાં ગાદીએ બેસવાના હતા પણ વનમાં જવાનું થયું ત્યારે રામચંદ્રજી સમજે છે કે મારા સ્વ-પર-પ્રકાશક જ્ઞાનમાં વન જ જ્ઞેય હતું. તેમાં પિતાજીએ કે માતાજીએ ફેરફાર કર્યો નથી.

રાગના પરિણામ થાય તેને જે જીવ ન જાણે તેને જ્ઞાન પ્રત્યે દ્વેષ છે. જે પરિણામ આવ્યા તે ન રુચે, અને તેથી આ નહિ પણ બીજા લાવું એમ જે પરિણામને ફેરવવા માગે છે, તેની દૃષ્ટિ વિષમ છે અને તે જ દુઃખ છે.

વાસણ થયા તે શું રામચંદ્રજીના સ્વ-પર-પ્રકાશક જ્ઞાને કર્યા? ના, વાસણ જડના કાળે પરિણમ્યા તેને સ્વ-પરપ્રકાશક જ્ઞાન ક્રમે પરિણમતું પર તરીકે અથવા વ્યવહાર તરીકે જાણે છે. જ્ઞાન વાસણનું કર્તા નથી, તેમ જ વાસણને લીધે જ્ઞાન નથી. બૌદ્ધ કહે છે કે સામે ઘડો છે, માટે ઘડાનું જ્ઞાન થાય છે, તો તે ખોટું છે. જ્ઞેય છે તેવું જ્ઞાન છે, માટે જ્ઞેયને આધીન જ્ઞાન છે એમ બૌદ્ધ કહે છે. તેવી જ રીતે જે કોઈ જીવ એમ કહે કે જેવાં નિમિત્તો આવે તેવું જ્ઞાન થાય તો તેમ માનનાર પણ બૌદ્ધની જેવા મિથ્યાદૃષ્ટિ છે. વળી કોઈ કહે કે અહીં સ્વ-પર-પ્રકાશક જ્ઞાન પ્રગટ્યું અથવા ઇચ્છા થઈ માટે ઘડા આદિની અવસ્થા થઈ તો તે વાત ખોટી છે, રામે ખરેખર રાગ કર્યો નથી પણ નવો નવો રાગ થયો તેને જાણવાનું કામ રામે કર્યું છે. નવું નવું ઊપજતું સ્વ-પર-પ્રકાશક જ્ઞાન નવા નવા રાગાદિને જાણે છે.

શ્રોતા :—આવી વાત માણસો જાણશે તો કોઈ મંદિરને, દેવને કે ગુરુને માનશે નહિ?

પૂજ્ય ગુરુદેવશ્રી:—ભાઈ, પોતાના સ્વભાવને જાણતાં પરને જેમ છે તેમ જ્ઞાન યથાર્થ જાણી લ્યે છે. અનંતા પદાર્થો તેના કાર્યકાળે પરિણમે છે અને આત્મા પોતાના જ્ઞાનના કાર્યકાળે પરિણમે છે. કોઈ નો કોઈમાં પ્રભાવ નથી. એક ચીજ બીજી ચીજમાં પ્રભાવ કેવી રીતે નાખી શકે? ન જ નાખી શકે. પ્રભાવ એટલે વિશેષ ભવન થવું તે, જડનું જડની અવસ્થારૂપે થવું તે તેનો પ્રભાવ છે. ચૈતન્યનું ચૈતન્યની અવસ્થારૂપે થવું તે ચૈતન્યનો પ્રભાવ ચૈતન્યમાં છે.

અહીં જીવ પ્રથમ લીધો, તેનું કારણ એ છે કે જ્ઞાયકભાવરૂપે પરિણમતો જીવ સામે અજીવમાં જે પર્યાય ક્રમસર થાય છે તેને જાણે છે પણ ફેરફાર કરતો નથી. અજ્ઞાની અભિમાન કરે છે. 'હું હતો તો તેમાં કાર્ય થયું' એમ અજ્ઞાની માને છે. ભાઈ, જડમાં પણ અસ્તિત્વ આદિ શક્તિ છે. તેના પરિણમનને ફેરવવા કોઈ સમર્થ નથી. આત્મા પોતાના સ્વ-પર-પ્રકાશક જ્ઞાનરૂપે પરિણમે છે, તેથી પરિણમતા અજીવને જાણે છે-એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, તેને તોડવા કોઈ સમર્થ નથી.

જો આત્માની ઇચ્છાને લીધે અથવા જ્ઞાનને લીધે અજીવમાં કામ થતાં હોય તો શું અજીવનો તે કાર્યકાળ ન હતો? ભાઈ, તારી ભ્રાંતિ છે. 'મુનિઓએ જોઈને ચાલવું' એમ કથન આવે છે. તેનો અર્થ એ છે કે શરીર ભાષા આદિની ક્રમબદ્ધ અવસ્થા થાય છે તેને જ્ઞાન જાણે છે. જડના પરિણામ જડથી થાય છે, તે જીવથી થતા નથી અને જીવના પરિણામ જીવથી થાય છે પણ અજીવથી થતા નથી આમ અનેકાન્ત છે.

નિયમસારમાં ગાથા ૧૧૯માં કહ્યું છે કે "આમ હોવાથી પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત, આલોચના વગેરે બધું ધ્યાન જ છે, (અર્થાત્ પરમપારિણામિક ભાવની ભાવનારૂપ જે ધ્યાન તે જ મહાવ્રત-પ્રાયશ્ચિતાદિ બધુંય છે)."

જ્ઞાયકભાવે આત્મા ક્રમબદ્ધ પરિણમતો મુનિ છે, તે જ નિશ્ચય સમિતિ તે જ નિશ્ચય મહાવ્રત છે, તે જ ધ્યાન છે. રાગરૂપ મહાવ્રતની વાત નથી. અંતર નિશ્ચય મહાવ્રતની વાત છે. અનંતાગુણોની પ્રતીતિ જ્ઞાન અને રમણતારૂપે પરિણમતો ક્રમબદ્ધ છે. એકાગ્ર થઈને પરિણમતું જ્ઞાન વગેરે બધું ધર્મધ્યાનમાં સમાઈ જાય છે. અલ્પરાગ તથા શરીરની ક્રિયાને જાણતું જ્ઞાન છે. અજીવને લીધે જ્ઞાયકભાવ નથી અને જ્ઞાયકભાવને લીધે અજીવની ક્રિયા નથી. શરીરાદિની ક્રિયા ક્રમસર થાય છે. જ્ઞાન બરાબર જાણે છે. તેમાં મહાવ્રત, પચ્ચખાણ, વ્રત, જૈનશાસન આવી જાય છે. ભાવલિંગી મુનિપણું હોય

ત્યારે તેને યોગ્ય નગ્નદશા પણ હોય છે. એવો અજીવનો ક્રમબદ્ધપર્યાય હોય છે, બીજો નથી હોતો, છતાં જ્ઞાયકભાવને લીધે નગ્નદશા નથી અને નગ્નદશાને લીધે જ્ઞાયકભાવ નથી.

રામચંદ્રજી બોંતેર કળાના જાણકાર હતા માટે વાસણ થયાં? ના, વાસણ સરખા થવા કે ન થવા તે ક્રમબદ્ધ છે. છતાં હોંશિયારીથી વાસણ થયા માને અથવા તેનાથી જ્ઞાન માને તો દૃષ્ટિ વિષમ થાય છે.

ક્રમબદ્ધપર્યાયને માનવામાં આવે તો કોઈ અષ્ટ દ્રવ્યથી પૂજા પણ નહિ કરે? ભાઈ, તે જીવના સ્વ-પર-પ્રકાશક જ્ઞાનના ક્રમકાળે અષ્ટ પ્રકારની સામગ્રી જ્ઞેયરૂપ આવવાની હોય તે આવે છે. અજ્ઞાની માને છે કે મારે લીધે પૂજાની સામગ્રી આવે છે, પણ તે બધી સામગ્રી ક્રમસર રૂપાંતર થતી ક્ષેત્રાંતર થતી સ્વયં આવે છે. તે આત્માને લીધે આવતી નથી-એમ જ્ઞાન જાણે છે. જો આસ્રવના કારણે સામગ્રી આવે એમ માનવામાં આવે તો અજીવ આસ્રવ થઈ જશે અથવા જ્ઞાયકભાવના કારણે સામગ્રી આવી એમ માનવામાં આવે તો અજીવ જીવ થઈ જશે. પણ એમ કદી બનતું નથી. એમ માનવાથી તારામાં ભ્રાંતિ થાય છે.

હવે દાખલો આપે છે. સોનામાં ક્રમબદ્ધ અવસ્થા થાય છે. જે વખતે જે પર્યાય થવાની હોય તે થાય છે. કંકણ આદિ પરિણામ સાથે સોનાને અનન્યતા અથવા તદ્રૂપતા છે. સોનું કંકણરૂપે ઊપજે છે, પણ સોનીથી કે હથોડીથી તે ઊપજતું નથી. હથોડી અને સોની પોતપોતાના કારણે ક્રમસર પલટે છે. સોનું કંકણ સાથે એકરૂપ છે, પણ હથોડી સાથે એકરૂપ નથી. માટી ઘડાના પરિણામ સાથે અનન્ય છે, તે સમયનું માટીનું તે રૂપ છે. પરથી ઘડો થાય તો તેનું રૂપ રહેતું નથી પણ તે કદરૂપ થઈ જાય છે.

કોઈ એમ પ્રરૂપણા કરે છે કે "અગવડતાવાળા ગરીબ જીવો અગવડતાથી દુ:ખી છે, અને સગવડતાવાળા ગરીબોનું શોષણ કરવા માગે છે, માટે તેને શાંતિ નથી, માટે અમો એમ કહીએ છીએ કે જીવો જો અણુવ્રત લ્યે તો વૃત્તિમાં સંયમ આવે. ગરીબ પાસે અભાવ છે ને પૈસાવાળા પાસે અતિભાવ છે. અમારી પાસે સમભાવ છે. અમો કહીએ છીએ કે પ્રથમ વૃત્તિ ઘટે તો અણુવ્રત લેવાય અને તેથી સંગ્રહ ઘટે ને શોષણ ન થાય. આમ ગરીબ ને પૈસાદાર બધા સુખી થાય." આમ અજ્ઞાની ખોટી પ્રરૂપણા કરે છે.

પરનો સંગ્રહ કોણ કરી શકે અને ઘટાડો કોણ કરી શકે? અજીવ ચીજો તો પર છે. વળી વૃત્તિ ઘટે ક્યાંથી? જેમાં વૃત્તિ નથી એવા પર્યાયવાન આત્મદ્રવ્યના ભાન વિના

વૃત્તિ ખરેખર ઘટતી નથી. અજીવના પર્યાયથી અજીવ તન્મય છે. તેને બીજો કોઈ ઓછો-વત્તો કરી શકે એમ બને નહિ.

જે વખતે જે પર્યાય થાય તેથી તે દ્રવ્ય તન્મય છે. બીજો તેને ઉપજાવે તેમ બનતું નથી. 'વૈભવ ઘટે તો પાપ ઘટે તથા વૈભવ વધે તો પાપ વધે' એમ કોઈ કહે તો તે ખોટી વાત છે. નિગોદના જીવને જરા પણ વૈભવ નથી, છતાં તેને મિથ્યાત્વનું મોટું પાપ છે. સમ્યગ્દૃષ્ટિ ચક્રવર્તીને છ ખંડનું રાજ્ય છે, મોટો વૈભવ છે, છતાં મિથ્યાત્વનું મોટું પાપ ટળી ગયું છે. માટે બહારની ચીજો સાથે પુણ્ય-પાપનો સંબંધ નથી.

સોનાનું એક એક પરમાણુ પોતાના પર્યાયરૂપે ઉપજે છે, તે સમયનું તે જ રૂપ છે. તે પરને લીધે નથી, તેમ જ પૂર્વની પર્યાયને લીધે નથી. સોનું દ્રવ્ય કારણ છે, તે તે સમયનો પર્યાય થાય તે કાર્ય છે. માટી કર્તા છે, ઘડો કાર્ય છે, માટીના પરિણામ ઘડા સાથે તદ્રૂપ છે. બીજી અનુકૂળ ચીજ જોડે નિમિત્તરૂપે હો, પણ નિમિત્તે આ પરિણામ બનાવ્યા એમ છે જ નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવીને બન્નેની સ્વતંત્રતા સમજાવે છે. સ્વ-પર-પ્રકાશક જ્ઞાન યથાર્થ જાણે છે. જ્ઞાનને લીધે પરમાં કાર્ય થાય છે એમ નથી. બન્નેના કાર્યકાળે તેઓમાં પૃથક્ પૃથક્ કામ થાય છે. જ્ઞાન જ્ઞાનરૂપે પરિણમતું પરને વ્યવહારે જાણે છે. પરને લીધે જાણે છે એમ નથી અને જાણવાનો પર્યાય પ્રગટવાનો છે માટે પરને આવવું પડે છે એમ પણ નથી.

સોનાના દાખલા મુજબ પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ સર્વે દ્રવ્યોનું સમજવું. મૂળ પાઠમાં અનન્ય શબ્દ કહેલ છે, તેને ટીકામાં તાદાત્મ્ય કહેલ છે. મકાન મકાનના પરિણામ સાથે તદ્રૂપ છે. કડિયાના પરિણામ સાથે તે તદ્રૂપ નથી. પરિણામી પોતાના વર્તમાન પરિણામ સાથે તદ્રૂપ છે, પહેલાના પરિણામ સાથે કે ભવિષ્યના પરિણામ સાથે તદ્રૂપ નથી. તો પછી નિમિત્ત સાથે તદ્રૂપ હોય એમ કદી બનતું નથી.

દરેક વસ્તુ સ્વપણે છે અને પરપણે નથી. બીજી ચીજ જગતમાં છે, છતાં કોઈ ચીજ કોઈ અન્યરૂપે પરિણમતી નથી. આત્મા આત્માપણે છે અને પરપણે નથી. પરની અપેક્ષાએ કદાચિત્ આત્મા નથી એમ પણ કહેવાય. એવી પરસ્પર બે વિરુદ્ધ શક્તિનું પ્રકાશવું તે અનેકાન્ત છે. એકને એક ચીજમાં અપેક્ષાએ અસ્તિ અને નાસ્તિ કહેવાય છે. "લોકો પોકાર કરો તો કરો પણ વસ્તુ તો એમ જ છે." આ આત્મા બીજા દ્રવ્યની અપેક્ષાએ અદ્રવ્ય છે. પોતાની અપેક્ષાએ બીજી વસ્તુ અવસ્તુ છે. જીવ માટે નિમિત્ત અવસ્તુ છે. કુંભાર ઘડા માટે અવસ્તુ છે, કુંભાર ઘડાની અપેક્ષાએ અવસ્તુ છે. ઘડો ઘડાપણે છે, પણ કુંભારપણે નથી. માટી પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે, પરનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. ઘડા કુંભારરૂપે નથી. કુંભાર પોતાનાં દ્રવ્ય-ક્ષેત્ર-

કાળ-ભાવે ભલે રહ્યો. એક આત્માની અપેક્ષાએ સર્વ વસ્તુ.....અવસ્તુ છે. મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અપેક્ષાએ બીજાં સર્વ દ્રવ્ય અદ્રવ્ય છે. બીજા ક્ષેત્ર-અક્ષેત્ર છે, બીજા કાળ અકાળ છે, બીજા ભાવ અભાવ છે-આમ અનકાન્ત છે, જીવ-અજીવના પરિણામરૂપે ઊપજતો નથી-માટે જીવ પરથી નથી. પુત્ર પિતાની અપેક્ષાએ અવસ્તુ છે, તેનાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ જુદાં છે. ગુણ-પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે. પહોળાઈ તેનું ક્ષેત્ર છે, સમયના સમયના પરિણામ તે કાળ છે અને ત્રિકાળી શક્તિ તે ભાવ છે. ઘડો ઘડાથી છે, પણ કુંભારના પરિણામથી ઘડો છે જ નહિ. દારૂને લીધે જીવ પાગલ થયો નથી. જીવ પોતાની ઊંધાઈને લીધે પાગલ થયો છે. પાણી પોતાના પરિણામરૂપે ઊપજતું ઉષ્ણરૂપ થયું છે. પાણીના ઊનો પાણીની અપેક્ષાએ અગ્નિનો ઊષ્ણ પર્યાય અવસ્તુ છે. એક પદાર્થની અપેક્ષાએ પરપદાર્થ અદ્રવ્ય-અક્ષેત્ર-અકાળ-અભાવરૂપે છે-આમ સમજે તો અનેકાન્ત સમજ્યો કહેવાય.

પોતાની અપેક્ષાએ પરવસ્તુ છે જ નહિ. પરવસ્તુની અપેક્ષાએ પોતે વસ્તુ છે જ નહિ, એનું નામ અનેકાન્ત છે. [ ક્રમશઃ ]

## 卐 તું સિદ્ધનુ લક્ષ કરીને અમને સાંભળજે 卐

* સર્વજ્ઞના અસ્તિત્વને સિદ્ધ કરીને તારી પ્રગટ પર્યાયમાં સિદ્ધપણું નથી તેમાં સિદ્ધોને સ્થાપીએ છીએ તેથી તું સિદ્ધનું લક્ષ કરીને અમને સાંભળજે, તું જરૂર સિદ્ધ થઈશ. વર્તમાન પર્યાય અલ્પજ્ઞ હોવા છતાં તું શ્રોતા તરીકે સાંભળવા આવ્યો છો તો તારી પર્યાયની એટલી તાકાત હું જોઉં છું—મારા જ્ઞાનમાં એમ આવ્યું છે કે તું અનંતા સિદ્ધોને સ્થાપી શકે તેમ છો! અને તું પણ જોઈ શકે છો! આહાહા! 'वंदित्तु सव्वसिद्धे'નો આ ભાવ તો જુઓ! અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ, તું નહીં રાખી શકે એ પ્રશ્ન જ નથી. અનંતા સિદ્ધોને તારી પર્યાયમાં સ્થાપીએ છીએ તેથી તારું લક્ષ અલ્પજ્ઞપણે નહીં રહી શકે, તારું લક્ષ સર્વજ્ઞ ઉપર રહેશે. માટે સર્વજ્ઞ ઉપર લક્ષ રાખીને અમને સાંભળજે.

—અનંત ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ

[ વૈરાગ્ય અને પુરુષાર્થ પ્રેરક કથા...ટાઈટલ બેથી ચાલુ ]

દેવ થયો. ત્યાંનું આયુ પૂર્ણ કરી સ્થૂણાગારનગરમાં પુષ્પમિત્ર નામનો બ્રાહ્મણ થયો ત્યાં પણ પરિવ્રાજકનો મિથ્યામત ચલાવ્યો અને આયુના અંતે કષાયોની મંદતા હોવાથી મરીને સૌધર્મસ્વર્ગમાં એક સાગરની સ્થિતિવાળો દેવ થયો. ત્યાંથી મરીને સૂતિકા નગરમાં અગ્નિસહ નામનો બ્રાહ્મણ થયો. ત્યાં પણ પહેલાંની માફક દીક્ષા લઈને પરિવ્રાજકનો મત ફેલાવ્યો. આયુના અંતે મરીને દેવ થયો. ત્યાં સાત સાગરની આયુ ભોગવી મરીને મંદિર નામના ગામે અગ્નિમિત્ર નામે બ્રાહ્મણ થયો. ત્યાં પણ પુરાણા પરિવ્રાજકની દીક્ષા લઈને પોતાનો સાંખ્ય મત ચલાવ્યો. મરીને મહેન્દ્ર સ્વર્ગનો દેવ થયો. ત્યાં આયુ પૂર્ણ કરી મંદિરનગરમાં ભારદ્વાજ નામનો જગત પ્રસિદ્ધ બ્રાહ્મણ થયો અને ત્રિદંડથી શોભીત અખંડ દીક્ષાનું આચરણ કરી મહેન્દ્ર સ્વર્ગમાં સાત સાગરની આયુષ્યે દેવ થયો. ત્યાંથી આયુ પૂર્ણ કરી કુમાર્ગને પ્રગટ કરવાના ફળસ્વરૂપ સમસ્ત અધોગતિ-ઓમાં જઈને મહાન દુ:ખો ભોગવ્યા. આ રીતે ત્રસસ્થાવર યોનિઓમાં અસંખ્યાત વર્ષો પરિભ્રમણ કરી બહુ જ ખેદખીન્ન થયો અને તે પછી મગધદેશમાં રાજગ્રહીનગરમાં વેદોનો જાણનાર સ્થાવર નામનો બ્રાહ્મણ થયો અને પારિવ્રાજકમતની દીક્ષા લઈને મારીચ સમાન ખોટા માર્ગનો પ્રચાર કર્યો પણ કષાયમંદતાના કારણે મહેન્દ્ર સ્વર્ગમાં સાત સાગરની આયુવાળો દેવ થયો અને ત્યાંથી મરીને રાજગ્રહનગરમાં વિશ્વભૂતિ રાજાનો વિશ્વનંદિ પુત્ર થયો.

રાજા વિશ્વભૂતિને વિશાખભૂતિ નામે નાનો ભાઈ હતો તેને વિશાખનંદ નામનો મુર્ખ પુત્ર હતો. એક દિવસ રાજા વિશ્વભૂતિને વૈરાગ્ય થતાં નાના ભાઈ વિશાખભૂતિને રાજ્ય આપ્યું અને પુત્રને યુવરાજપદ આપી પોતે દીક્ષિત થયા

એક દિવસ યુવરાજ વિશ્વનંદિ પોતાના સુંદર બાગમાં સ્ત્રીઓ સાથે ક્રિડા કરતો હતો તે જોઈ કાકાના પુત્ર વિશાખનંદે તે બાગ પોતાને આધિન કરવાની ભાવનાથી તેના પિતાને કહ્યું કે વિશ્વનંદનો સુંદર બાગ છે તે મને આપો, અન્યથા હું દેશ છોડી ચાલ્યો જઈશ. આચાર્ય કહે છે કે જે ન્યાયથી વિરૂદ્ધ વિષયોનો ભોગ ઇચ્છે છે તે આગામી ભવોમાં થવાવાળા ભારી દુ:ખોનો ભાર ઉપાડે છે. પુત્રના મોહથી પિતા વિશાખભૂતિએ ભત્રીજા વિશ્વનંદિ સાથે માયાચાર કરી બીજા દેશમાં લડવા મોકલી પોતાના પુત્રને બાગ આપી દીધો. જ્યારે ભત્રિજો વિશ્વનંદિ યુદ્ધ જીતીને ઘેર આવ્યો ત્યારે પોતાના બાગમાં કાકાના પુત્રને રમતો જોયો ત્યારે વિશ્વનંદિ સમજી ગયો કે કાકાએ મને દગો દીધો ! શું મારી પાસે બાગ પોતાના પુત્ર માટે માગ્યો હોત તો હું તુરત ન આપત ! બાગ તે શું વસ્તુ છે ? આની કુચેષ્ટા મારી

સજ્જનતા ભંગ કરે છે એમ વિચારી કાકાના પુત્રને મારવા દોડે છે. કાકાનો પુત્ર ઝાડ ઉપર ચડી જાય છે તો વિશ્વનંદિ મૂળ સહિત ઝાડ ઉખેડી નાખે છે. કાકાનો પુત્ર પથ્થરના થાંભલા ઉપર ચડે છે તો વિશ્વનંદિ તે થાંભલાને ઉખેડી નાખે છે. કાકાનો પુત્ર ભાગે છે. ત્યારે વિશ્વનંદિએ કાકાના પુત્રને કહ્યું કે ડર નહિ. એટલું જ નહિ પણ તેને બોલાવીને બાગ પણ આપી દીધો.

તે પછી વિશ્વનંદિએ સંસારની દુઃખમય સ્થિતિનો વિચાર કરી સમ્ભૂત નામના ગુરુ પાસે જિનદીક્ષા ગ્રહણ કરી કેમકે નીચ જનોથી કરેલો અપકાર પણ સજ્જનોને ઉપકારભૂત થાય છે. તે પછી કાકા વિશાખભૂતિને પણ પોતાના દોષનો પશ્ચાતાપ થાય છે. મેં બહુ મોટું પાપ કર્યું છે તેના પ્રાયશ્ચિતરૂપે તેમણે પણ જિનદીક્ષા ગ્રહણ કરી.

ઘોર તપશ્ચરણ કરવાથી વિશ્વનંદિનું શરીર અત્યંત દુર્બળ થઈ ગયું હતું. એક વખત મથુરાનગરીમાં આહાર માટે ગયા પણ પગ શક્તિહીન ડગમગતા હતા તેમાં એક ગાય તોફાને ચડીને વિશ્વનંદિ મુનિને ધક્કો મારતા તેઓ પડી ગયા. તે વખતે તેના કાકાનો દિકરો વિશાખનંદ જે ત્યાં આવેલ હતો તેણે વિશ્વનંદિ મુનિને પડતાં જોઈને મેણું માર્યું કે મને થાંભલો લઈને મારવા દોડેલ એ પરાક્રમ કયાં ગયું? તે સાંભળી મુનિને મનમાં ક્રોધ થયો ને મનમાં થયું કે એ મશ્કરીનું ફળ તું અવશ્ય પામીશ. અંતમાં નિદાન સહિત સંન્યાસમરણ કરી મહાશુક્રસ્વર્ગમાં દેવ થયો અને તેના કાકા વિશાખભૂતિ પણ સમાધિમરણ કરી મહાશુક્રસ્વર્ગમાં દેવ થયો. બન્ને સોળ સાગરનું આયુષ્ય પૂરું કરી ત્યાંથી ચ્યુત થયા.

કાકા વિશાખભૂતિનો જીવ પોદનપુરમાં પ્રજાપતિ રાજાની જયાવતી રાણીથી વિજય નામનો બળભદ્ર પુત્ર થયો તેના પછી વિશ્વનંદિનો જીવ પ્રજાપતી રાજાની બીજી રાણી મૃગાવતીને ત્રિપૃષ્ટ નામનો પુત્ર થયો. તે હોનહાર અર્ધચક્રી હતો.

વિશાખનંદ (જે કાકાનો પુત્ર હતો તે જીવ) ઘણો કાળ સંસારમાં ભ્રમણ કરી વિજયાર્ધ પર્વત પર અલકાનગરીના મયૂરગ્રીવ રાજાની નિલાંજના રાણીનો અશ્વગ્રીવ નામનો પુત્ર થયો જે પ્રતિનારાયણ બન્યો.

વિજયાર્ધ પર્વત પરના રથનપૂર ચક્રવાલ નગરના જ્વલનજટી રાજાની વાયુવેગા રાણીને સ્વયંપ્રભા નામની સુંદર પુત્રી હતી, એ પુત્રીને ત્રિપૃષ્ટ સાથે પરણાવી.

પ્રતિવાસુદેવ અશ્વગ્રીવને ગુપ્તચરો મારફત જાણ થઈ કે જ્વલનજટીએ પોતાની સુંદર પુત્રી ત્રિપૃષ્ટને પરણાવી દીધી છે તે જાણીને ક્રોધિત થઈ ત્રિપૃષ્ટ ઉપર ચડાઈ કરી. અનેક પ્રકારે સામસામુ યુદ્ધ થતાં અશ્વગ્રીવે સુદર્શનચક્ર ત્રિપૃષ્ટ ઉપર ફેંક્યું. ચક્ર ત્રિપૃષ્ટની પ્રદક્ષિણા કરી તેના હાથમાં બેઠું પછી તે ચક્ર વડે ત્રિપૃષ્ટે અશ્વગ્રીવની ગરદન

કાપી નાખી. યુદ્ધમાં વિજય પામતાં, ત્રિપૃષ્ટને અર્ધચક્રીનું પદ પ્રાપ્ત થયું. (ત્રિપૃષ્ટના મોટાભાઈ વિજય બળભદ્ર તે અશ્વગ્રીવના પૂર્વભવના પિતા હતા અને આ ભવે પિતા પુત્રને જ યુદ્ધ થયું).

ત્રિપૃષ્ટ ઘણો કાળ રાજ્ય લક્ષ્મીનો ઉપભોગ કરીને અતૃપ્તિના કારણે મરીને સાતમી નરકનો નારકી થયો. સાતમી નરકની ૩૩ સાગરોપમ સુધી મહાદુઃખવેદના ભોગવીને આયુ પૂર્ણ કરી સિંહગીરી ઉપર સિંહ થયો અને ત્યાં પણ તીવ્ર પાપ કરીને રત્નપ્રભા નરકમાં એક સાગરની સ્થિતિના દુઃખો ભોગવી આયુ પૂર્ણ કરી હિમવત પર્વતના શીખર ઉપર સુશોભિત સિંહ થયો.

તે સિંહ એક વખત એક હરણને પકડી ખાઈ રહ્યો હતો તે સમયે દયાળુ અજીત-જય નામના ચારણમુનિ અમીતગુણ નામના મુનિ સાથે આકાશમાં જઈ રહ્યા હતા તેમણે સિંહને દેખતાં તીર્થંકરના વચનો યાદ આવતાં દયાથી આકાશથી ઊતરી તે સિંહ પાસે ગયા અને શીલા ઉપર બેસી જોરજોરથી ધર્મના વચનો કહેવા લાગ્યા. તેમણે કહ્યું હે મૃગરાજ! તેં પહેલાં ત્રિપૃષ્ટના ભવમાં પાંચ ઇન્દ્રિયના સુંદર વિષયોનો અનુભવ કર્યો છે તે બધા વિષયોનું સુખ ભોગવવા છતાં સંતોષ થયો નહિ અને સમ્યગ્દર્શન અને વ્રત રહિત મરણ કરી સાતમી નરકે ગયો અને નરકના ભયંકર દુઃખો તેત્રીસ સાગરોપમ સુધી ભોગવી, આયુ પૂર્ણ થતાં ત્યાંથી નિકળીને સિંહ થયો અને ત્યાં પ્રાણી હિંસા કરી માંસ ભક્ષણની ક્રૂરતાથી મરીને પહેલી નરકે એક સાગરની સ્થિતિએ ગયો અને ત્યાંના ભયંકર દુઃખ ભોગવી, આયુ પૂર્ણ થતાં અહીં ફરીને સિંહ થયો. હજુ પણ ક્રૂરતા કરી ભાવિ દુઃખ ભોગવવા ઉત્સાહ કરી રહ્યો છે! અરે પાપી! તું અજ્ઞાનના પ્રભાવથી તત્ત્વને કાંઈ જાણતો નથી! એ પ્રકારના મુનિરાજના વચનો સાંભળતાં સિંહને તુરત જાતિસ્મરણ થયું. સંસારના ભયંકર દુઃખોના ભયથી તેનું શરીર ધ્રૂજવા લાગ્યું અને આંખમાંથી આંસુની ધારા ચાલી. આમ ઘણો વખત આંસુ ધારા નિકળતી જોઈ મુનિરાજને થયું કે એના હૃદયમાં સમ્યક્‌ને સ્થાન દેવા માટે મિથ્યાત્વ નીકળી રહ્યું છે. જેને પૂર્વ જન્મનું જ્ઞાન થયું છે એવા નિકટ ભવ્યને પશ્ચાતાપથી જે શોક થાય છે તે શોક સંસારમાં કોઈને થતો નથી.

મુનિરાજે જોયું કે સિંહનું હૃદય શાંત થયું છે તેથી કહ્યું કે તું પુરુરવા ભીલ હતો ત્યાંથી સૌધર્મનો દેવ થઈ દુર્મતિ મારીચ થયો અને ત્યારે તે સન્માર્ગને દુશિત કુમાર્ગની વૃદ્ધિ કરી ઋષભદેવ તીર્થંકરના વચનોનો અનાદર કરી, તું સંસારમાં મહાદુઃખો ભોગવી ત્રસસ્થાવર યોનિયોમાં અસંખ્યાત વર્ષો સુધી ભ્રમણ કરતો રહ્યો.

કોઈ કારણથી તેં વિશ્વનંદિ પર્યાય પામી સંયમ ધારણ કર્યો પણ નિદાન કરીને ત્રિપુષ્ટ નારાયણ થયો.

હવે દસમા ભવે તું ભરતક્ષેત્રનો અંતિમ તીર્થંકર થઈશ તેમ મેં શ્રીધર તીર્થંકર પાસે સાંભળેલ છે. હે બુદ્ધિમાન! આજથી તું સંસાર અટવીમાં રખડાવનાર મિથ્યાત્વમાર્ગથી વિરકત થઈ આત્મહિતના માર્ગમાં પ્રીતિ કર. આ પ્રકારના મુનિરાજના વચનો હૃદયમાં ધારીને સિંહે બન્ને મુનિરાજની ભક્તિભાવથી પ્રદક્ષિણા કરી વારંવાર પ્રણામ કર્યા અને કાળલબ્ધિ મળી જવાથી તુરત સમ્યગ્દર્શન ગ્રહણ કરી મન સ્થિર કરી શ્રાવકના વ્રત ગ્રહણ કર્યા. મુનિરાજના વચનો સાંભળી સિંહની ક્રૂરતા દૂર થઈ, દયાનો પ્રવેશ થયો. કેમકે કાળનું બળ પ્રાપ્ત થયા વિના એવો કોણ છે કે શત્રુને દૂર કરી શકે?

મરેલ સિંહ હોય તેમ જાણી શીયાળીયા બટકા ભરી માંસ ખાતા હતા છતાં સિંહ નિશ્ચળ રહ્યો. માંસ સિવાય અન્ય આહાર સિંહનો ન હોવાથી અનાહારવ્રત ગ્રહણ કર્યું. આચાર્ય કહે છે કે નિરાહારવ્રત કર્યું તેનાથી વિશેષ શું સાહસ હોય શકે? તિર્યંચોને સંયમાસંયમથી આગળ વ્રત નહિ હોઈ શકે, નહિતર તો અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરી લેત! સિંહ બધા જીવો માટે એવો શાંત થઈ ગયો હતો કે માત્ર ચિત્રામનો સિંહ હોય તેમ દેખાતો હતો!

આ રીતે સમાધિમરણ કરી સિંહ મૃત્યુ પામી સૌધર્મ સ્વર્ગમાં સિંહકેતુ નામનો દેવ થયો, ત્યાં બે સાગરની સ્થિતિ સુધી સ્વર્ગના સુખ ભોગવી ધાતકીખંડના કનકપ્રભનગરના કનકપુંજ વિદ્યાધરનો કનકોજ્વલ નામે પુત્ર થયો. એક દિવસ પોતાની કનકવતી સ્ત્રી સાથે મંદગીરી પર્વત પર ગયા હતા ત્યાં પ્રિયમિત્ર નામના અવધિજ્ઞાની મુનિના દર્શન થયા. તેમની પાસે ધર્મનો ઉપદેશ સાંભળી સંસારથી વિરક્ત થઈ જિનદીક્ષા લીધી અને તપશ્ચરણ કરી અંત સમયે સન્યાસ મરણ કરી સાતમાં સ્વર્ગનો દેવ થયો. ત્યાં તેર સાગર સુધી સ્વર્ગના સુખ ભોગવી આયુ પૂર્ણ કરી જંબુદ્વિપના સાતેક નગરના રાજા વજ્રસેનનો હરિષેણ નામે પુત્ર થયો. કેટલોક સમય રાજ્યભોગ ભોગવી સંસારસુખને અસાર જાણી શ્રી શ્રુતસાગર મુનિ પાસે દીક્ષા લઈ તપશ્ચરણ આદિ કરી આયુના અંતે મહાશુક્ર સ્વર્ગમાં દેવ થયો. ત્યાં સોળ સાગરની આયુ પ્રમાણે સ્વર્ગના સુખ ભોગવી ત્યાંથી ચ્યુત થઈ ધાતકીખંડની પુંડરીકિણી નગરના રાજા સુમિત્ર અને રાણી મનોરમાને પ્રિયમિત્ર નામનો પુત્ર થયો. ચક્રવર્તિપણાના સુખ ભોગવી ક્ષેમંકર જિનેન્દ્રનો ઉપદેશ સાંભળી સંસારના સર્વ પદાર્થોની અનિત્યતા જાણી રાજ્યનો ભાર સર્વમિત્ર પુત્રને સોંપી, સંસારથી વિરક્ત થઈ, જિનદીક્ષા લઈ મહાવ્રત આદિનું પાલન

કરી, આયુના અંતે સહસ્રાગાર સ્વર્ગમાં સૂર્યપ્રભ નામે દેવ થયો. અઢાર સાગરની આયુના દૈવી ભોગ ભોગવી વીજળીના જબકારાની જેમ આયુ પૂર્ણ કરી જંબુદ્વિપના છત્રપુર નગરના નંદીવર્ધન રાજાની વીરવતી નામની સ્ત્રીનો નંદ નામનો સજ્જન પુત્ર થયો. અભિલાષીત રાજ્યનો ઉપભોગ કરી. રાજ્યની નિસારતા જાણી, વિરક્ત થઈ પ્રોષ્ઠિલ નામના મુનિરાજ પાસે સંયમ લીધો અને તુરત અગિયાર અંગોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને તીર્થંકર પ્રકૃતિના બંધનું કારણ દર્શનવિશુદ્ધિ આદિ સોલ કારણ ભાવનાનું ચિંતવન કરી તીર્થંકર પ્રકૃતિનો બંધ કર્યો. આયુના અંતે સંન્યાસ ધારણ કરી અચ્યુત સ્વર્ગના પુષ્પોત્તર વિમાનમાં બાવીશ સાગરની સ્થિતિએ મોટા ઇન્દ્ર થયા. જ્યારે સ્વર્ગની છ માસની આયુ બાકી રહી ત્યારે કુંડલપુર નગરના સિદ્ધાર્થ રાજાના આંગણમાં સાડાસાત કરોડ રત્નોની મોટી ધારા વરસવા લાગી. અષાડ સુદી છઠ્ઠના રાણી ત્રિશલા રત્નના પલંગ પર સુતા હતા ત્યારે રાત્રીનાં ચોથા પ્રહરના અંતે સોળ સ્વપ્નો આવ્યા અને તે પછી મુખમાં પ્રવેશ કરતાં હાથીને દેખ્યો. સવારની ક્રિયા કરી રાણીએ રાજા સિદ્ધાર્થ પાસે જઈને સ્વપ્નોની વાત કરી અને રાજાએ તેના ફળની વાત કરી તે સાંભળતાં તે જ સમયે પુત્રની પ્રાપ્તિ સમાન આનંદ થયો. તે પછી નવમાસ પૂર્ણ થતાં ચૈત્ર સુદ તેરશના દિવસે પુત્રનો જન્મ થતાં આકાશથી આનંદના આંસુઓ સમાન પુષ્પવૃષ્ટિ થઈ અને ત્રણ લોકમાં આનંદ છવાઈ ગયો. સ્વર્ગથી સૌધર્મેન્દ્ર પોતાની સાત પ્રકારની સેના લઈને આવ્યા અને બાળતીર્થંકરને સુમેરૂપર્વત પર અભિષેક કરવા લઈ ગયા. અભિષેક કરીને માતાને બાળપ્રભુ સોંપી આનંદ નામનું આશ્ચર્યકારી નાટક કર્યું. પ્રભુને ભોગ-ઉપભોગની સામગ્રી ઇન્દ્ર દ્વારા નિરંતર આવે છે. બાળપ્રભુની વયના દેવકુમારો પ્રભુ સાથે રમે છે.

પાર્શ્વનાથ તીર્થંકર પછી બસો પચાસ વર્ષે મહાવીરપ્રભુએ જન્મ લીધો. બહોંતેર વર્ષની આયુ હતી ને સાત હાથ ઊંચું શરીર સર્વ લક્ષણોથી સુશોભિત હતું.

એક વખત સંજય અને વિજય નામના બે ચારણઋદ્ધિધારી મુનિને કોઈ વિષયમાં સંદેહ ઉત્પન્ન થતાં મહાવીરપ્રભુના દર્શન થવા માત્રથી તેમનો સંદેહ દૂર થઈ ગયો તેથી તેમણે પ્રભુનું સન્મતિ નામ રાખ્યું. એક દિવસ ઇન્દ્રની સભામાં ચર્ચા ચાલતાં વર્ધમાનસ્વામી બધાથી શૂરવીર છે તેમ કહેતાં સંગમ નામનો દેવ પરીક્ષા કરવા માટે આવ્યો. મહાવીર પ્રભુ અનેક રાજકુમારોની સાથે એક વૃક્ષ ઉપર ચડીને રમતાં હતાં ત્યારે સંગમદેવે મોટા સર્પનું રૂપ લઈ મૂળથી છેડા સુધી ઝાડને વીંટળાઈ ગયો તે જોઈને અન્ય બાળકો ભયભીત થઈ વૃક્ષથી નીચે કુદકા મારી ભાગી ગયા. તે સર્પ લહલહાતી એકસો જીભથી મહા ભયંકર દેખાતો હતો. તેના ઉપર મહાવીર નિર્ભય થઈને તેના

ઉપર ક્રિડા કરતા હતા. જેમ માતાના પલંગ ઉપર ક્રિડા કરે તેમ ક્રિડા કરી તે જોઈ સંગમદેવ ખુશી થયો અને કુમારપ્રભુની સ્તુતિ કરીને મહાવીર નામ રાખી પોતાના સ્થાને ગયો.

એક દિવસ મહાવીરપ્રભુને પૂર્વભવનું જાતિસ્મરણ જ્ઞાન પ્રગટ થતાં સંસારથી વિરક્ત થયા. તે સમયે લોકાંતિકદેવોએ આવીને પ્રભુના વૈરાગ્યની અનુમોદના કરી. સૌધર્મેન્દ્ર આદિ દેવોએ આવીને ભગવાનનો દીક્ષા કલ્યાણક પૂજાભક્તિ આદિથી ઉજવ્યો અને વીરપ્રભુને પાલખીમાં બેસારી વનમાં લઈ ગયા. પ્રભુએ વસ્ત્રાભરણ ઉતારી કેશલોચ કરી માગશર વદી ૧૦ના દીને તેલાનો નિયમ લઈ સંયમ ધારણ કર્યો.

પારણા માટે ભગવાન વનથી નિકળ્યા અને કુલગામની નગરીમાં કુલ નામના રાજાએ અત્યંત ઉલ્લાસથી નવધાભક્તિથી આહારદાન દીધું. દેવોએ પંચાશ્ચર્ય વૃષ્ટિ કરી. ભગવાન એકાંત સ્થાનમાં તપ કરવા લાગ્યા.

એક વખત ભગવાન ઉજ્જયનીના અતિમુક્તક સ્મશાનમાં પ્રતિમા યોગધારી બિરાજમાન થયેલાં તે વખતે મહાદેવ નામના રુદ્રે દુષ્ટતાથી ધૈર્યની પરીક્ષા કરવા અનેક પ્રકારથી ભગવાન ઉપર ભયંકર ઉપદ્રવો કર્યા. પરંતુ વીરપ્રભુ વિચલીત થયા નહિ તેથી રુદ્રે અનેક પ્રકારથી ભક્તિ કરી નૃત્ય કરી દ્વેષ ભાવ છોડી ભગવાનને મહતિ અને મહાવીર એવા બે નામ આપ્યા.

ભગવાન મહાવીરને છદ્મસ્થ અવસ્થામાં બાર વર્ષ ગયા. એક દિવસ ઋજુકુલા નદિના કિનારે મનોહર વનમાં રત્નમયી શીલા ઉપર શાલ વૃક્ષનીચે બેલાનો નિયમ લઈ પ્રતિમા યોગથી બિરાજમાન થયા. વૈશાખ શુદ દસમીના પરિણામોની વિશુદ્ધતા વધારતાં ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયા. તે સમયે શુકલાધ્યાનના બળથી ચાર ઘાતીયા કર્મનો નાશ કરી કેવળજ્ઞાનથી સુશોભિત થયા. તુરત ઇન્દ્રોએ આવીને કેવળજ્ઞાનની પૂજા કરી જ્ઞાનકલ્યાણક ઉજવ્યો અને સમવસરણની અદ્‌ભુત રચના કરી. છાસઠ દિવસ સુધી દિવ્યધ્વનિ છૂટી નહિ તેથી ઇન્દ્રે અવધિજ્ઞાનથી જાણી પાત્ર જીવ ગૌતમ બ્રાહ્મણને ભગવાન પાસે લાવ્યા અને ભગવાનનો અતિશય દેખી ગૌતમનું અભિમાન ગળી ગયું અને તુરત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થયા. સાત પ્રકારની ઋદ્ધિ પ્રગટ થઈ. પ્રભુની દિવ્યધ્વનિ છૂટી. ગૌતમસ્વામિએ ગણધર પદને પામી બાર અંગ ચૌદ પૂર્વની રચના કરી. ગૌતમ સ્વામિ આદિ અગીયાર ગણધરો થયા.

ભગવાનને અવધિજ્ઞાની-મનઃપર્યયજ્ઞાની, કેવળજ્ઞાની, વિક્રિયા-ઋધિધારી આદિ ચૌદ હજાર મુનીશ્વરોની સંખ્યા હતી. ચંદના આદિ છત્તીશ હજાર આર્યિકા હતી.

એક લાખ શ્રાવક અને ત્રણ લાખ શ્રાવિકા હતી. અસંખ્યાત દેવદેવી હતા અને સંખ્યાત તિર્યંચોને મળી ભગવાનની વાણી સાંભળતાં હતાં.

કારતક વદ અમાસ (ગુજરાતી આસો વદી અમાસ) પાવાપુરીથી પ્રભુ નિર્વાણ મોક્ષ પામ્યા. ઇન્દ્રોએ આવીને નિર્વાણકલ્યાણક ઉજવ્યો. ત્યારથી દીપાવલી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. ['આદિપુરાણ'માંથી ટૂંકસાર]

[ભગવાન મહાવીર સ્વામીની એક કોડાકોડી સાગરોપમની કથા વાંચતાં ભવ્ય જીવોને વૈરાગ્ય અને પુરુષાર્થની પ્રબળ પ્રેરણા મળે તેવું છે. તદુપરાંત કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના ક્રમબદ્ધપર્યાય, યોગ્યતા, નિમિત્તનું અકિંચિત્પણું, ઉપાદાનકારણની પ્રભુતા, દ્રવ્યદૃષ્ટિના વિષયભૂત—પર્યાયવેપથી નિર્લેપ—દ્રવ્યસ્વભાવ અને તેનું સામર્થ્ય આદિ ગહન સિદ્ધાંતો આ કથા દ્વારા સરળપણે સમજી શકાય છે. તીર્થંકર ઋષભદેવ દાદાનું પ્રબળ ધર્મનિમિત્ત પામવા છતાં મારીચનો જીવ યોગ્યતાના અભાવે કોડાકોડી સાગર રખડયો અર્થાત્ જીવની સ્વયં યોગ્યતા ન પાકે ત્યાં સુધી તીર્થંકરદાદા પણ કાંઈ હિત કરી દેતા નથી, તેમ જ ઉપાદાનના અભાવમાં નિમિત્ત અકિંચિત કર છે એ વાત પૂજ્ય ગુરુદેવશ્રી વારંવાર ફરમાવે છે તે આ કથા દ્વારા સરળતાથી સમજાય છે. વળી, યોગ્યતા તૈયાર થતાં એટલે કે ઉપાદાનનો કાળ પાકતાં નિમિત્ત સામે ચાલીને આવે છે—મુનિરાજ આકાશમાર્ગેથી ઉતરીને સિંહને સંબોધે છે. યોગ્યતા તૈયાર થતાં મોઢામાં માંસ પડયું છે ને સિંહ મુનિરાજનું સંબોધન પામી સમ્યક્ત્વ પામે છે—એ, 'યોગ્યતા સર્વત્ર શરણમ્'—પૂજ્ય ગુરુદેવશ્રીની ગહન પ્રરૂપણાને જ જાહેર કરે છે. વળી, પૂજ્ય ગુરુદેવશ્રી વારંવાર કહેતાં કે જ્ઞાયક તો સદાય જ્ઞાયક જ છે, તેને સંસારની ગંધ પણ નથી લાગી કે રાગની પણ તેમાં બિલકુલ ગંધ નથી. એ બધા ભાવો તો પાણીમાં ઉપર તરતાં તેલના ટીપાંની જેમ જ્ઞાયકથી તદ્દન ભિન્ન હોવાથી, દ્રવ્યસ્વભાવ તો સદાય એવો ને એવો જ છે—એ વાત પુરુરવા ભીલના ભવોની આ કથાથી સ્પષ્ટ સમજાય છે. પૂજ્ય બહેનશ્રી પણ કહે છે કે જ્ઞાયક ભાવને કોઈ પર્યાયવેપ નથી એ મૂળભૂત સિદ્ધાંત આ કથા દ્વારા સ્પષ્ટ સમજાય છે.]

# પરમાત્મા સમાન નિજ–આત્મા ઉપાદેય છે

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૭૦ )

શ્રી પરમાત્મપ્રકાશના પ્રથમ અધિકારની ૧૦૭ મી ગાથા થઈ. હવે ૧૦૮ મી ગાથામાં કર્તા કોણ અને કર્મ શું છે એ બધી વાત કહે છે. જ્ઞાનથી જ પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે એમ આ ગાથામાં કહે છે.

णाणिय णाणिउ णाणिएण णाणिउँ जा ण मुणेहि ।

ता अण्णाणिं णाणमउँ किं पर बंभु लहेहि ॥१०८॥

અર્થ:—હે જ્ઞાની ! જ્ઞાનવાન પોતાના આત્માને સમ્યગ્જ્ઞાન વડે જ્ઞાન લક્ષણવાળા આત્માને જ્યાં સુધી જાણતો નથી ત્યાં સુધી અજ્ઞાની હોવાથી તે પોતાના જ્ઞાનમય સ્વરૂપને શું પામી શકે ?— ન પામી શકે. જે કોઈ પામે છે તે જ્ઞાન વડે જ પોતાના આત્માને પામે છે.

હે જ્ઞાની ! એમ સંબોધન કર્યું છે. જ્ઞાનવાન પોતાનો આત્મા તે 'કર્તા' છે અને સમ્યગ્જ્ઞાન વડે એટલે તે 'કરણ' વડે જ્ઞાન લક્ષણવાળા આત્માને પ્રાપ્ત કરે છે તે 'કાર્ય' થયું. આત્મા જ્ઞાનવાન છે, રાગવાન કે આશ્રયવાન નથી. જ્ઞાન જ જેનું રૂપ છે એવો ભગવાન આત્મા તે 'કર્તા' છે. તેની પ્રાપ્તિ સમ્યગ્જ્ઞાનરૂપ કરણ વડે જ થાય છે. પુણ્ય કે વિકલ્પ દ્વારા તેની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાન લક્ષણવાળો આત્મા પ્રાપ્ત થાય છે તે કાર્ય છે. આમ, આત્મા જ કર્તા, કર્મ અને કરણ છે. બાહ્ય સાધનો બધાં છે પણ તે માત્ર પરજ્ઞેય તરીકે જ્ઞાનમાં જણાય છે.

આ રીતે, આત્મા સમ્યગ્જ્ઞાન વડે આત્માને જ્યાં સુધી જાણતો નથી ત્યાં સુધી તે અજ્ઞાની છે. જુઓ ! આત્માને નથી જાણતો તે અજ્ઞાની છે એમ કહ્યું. તેથી એ વાત સિદ્ધ થાય છે કે આ ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને બધાં જ્ઞાનીની વાત છે, માત્ર છઠ્ઠા-સાતમાવાળા મુનિની વાત નથી.

જ્યાં સુધી આત્મા કર્તા થઈને જ્ઞાન લક્ષણવાળા નિજઆત્માને જાણવાનું કાર્ય ન કરે ત્યાં સુધી તે અજ્ઞાની ગમે તેવા શુભાશુભ ભાવ કરે છે પણ ધર્મ નથી. જ્ઞાનમય આત્મા જ્ઞાન વિના શી રીતે જણાય ! આત્મા તો એકલા જ્ઞાનનું વીતરાગબિંબ છે તેને જ્ઞાન વડે ન જાણે ત્યાં સુધી અજ્ઞાની આત્માને શી રીતે જાણે !

ત્રણકાળ ત્રણલોકમાં જે કોઈ આત્માને પ્રાપ્ત કરે છે તે સમ્યગ્જ્ઞાન વડે જ પ્રાપ્ત કરે છે તે સિવાય બીજાં કોઈ સાધન વડે આત્મા પ્રાપ્ત થતો નથી.

કર્તા પણ જીવ પોતે છે. રાગ કે નિમિત્ત 'કર્તા' તરીકે હોય તો આત્માનું કામ થાય એમ નથી. કષાયની મંદતા હોય તો આત્મા પ્રાપ્ત થાય એમ નથી. પોતે જ કર્તા થઈ, પોતાના સાધન વડે, પોતે જ પોતાના કાર્યને પ્રાપ્ત કરે છે તે સંપ્રદાન છે. પોતે જ પોતાના કાર્યને પોતે દીધું અને પોતે જ લીધું; એક જ સમયમાં આ છએ કારક રહેલાં છે. પોતે જ પોતાને દાન આપે છે. આ દાન તે જ દાન છે. ભગવાન આત્મા પોતાની અંદરથી માલ કાઢીને પોતે જ રાખે છે, પોતે કર્તા થઈ, પોતાના સાધન વડે જે નિર્મળ કાર્ય કરે છે તેને પોતે જ રાખે છે. માટે, પોતે જ દેનાર અને પોતે જ લેનાર છે.

વ્યવહારના રસિયાને આ વાતમાં રાડ પડે પણ વ્યવહાર વ્યવહારના સ્થાને છે તેની ના નથી. પણ તે આદરવાલાયક નથી, માત્ર જાણવાયોગ્ય છે. આત્મા પોતે પોતાની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરે છે. પર માટે કે રાગ માટે પુરુષાર્થ કરતો નથી.

પાઠમાં ત્રણ કારક મૂકયા છે પણ તેમાંથી ટીકાકારે છએ કારક કાઢયા છે. આત્મા આત્માને, આત્માથી, આત્મા માટે, આત્માના આધારે, આત્મામાં પ્રાપ્ત કરે છે. સૂત્રમાં ટૂંકું હોય તેનો જ ટીકામાં વિસ્તાર છે.

આવા છ કારક દ્વારા પોતે પોતાને ન જાણે ત્યાં સુધી નિર્દોષ શુદ્ધ પરમાત્મા સિદ્ધપરમેષ્ટીને શું પામી શકે! ન પામી શકે. પોતાના જ સિદ્ધપરમેષ્ઠીપણાની વાત છે. નિર્દોષ એટલે વિકાર રહિત. વસ્તુ ત્રિકાળ દોષ રહિત છે. તેને નિર્દોષ કહો, જ્ઞાનાનંદ કહો કે શુદ્ધ પરમાત્મા કહો... બધું એક જ છે. શુદ્ધ પરમાત્મા એવો આત્મા આવા છ કારકરૂપે ન પરિણમે ત્યાં સુધી તે પોતાના સિદ્ધપદને કેમ પામી શકે?

જે આત્માને જાણે તે જ પરમાત્માને જાણી શકે છે. આત્માના સ્વરૂપને જાણ્યું તેણે જ પોતાના પરમાત્મસ્વરૂપને જાણ્યું છે. આ રીતે આત્માને જાણતો નથી અને શરીરની અને રાગની ક્રિયા કરે છે તે કદી એ રીતે આત્માને જાણી શકતો નથી. જે કોઈ આત્માને પામ્યા તે આ રીતે જ પામ્યા છે અને જે કોઈ પામશે તે આ રીતે જ પામશે. બીજો કોઈ રસ્તો નથી.

પરમાત્મપ્રકાશ છે ને! પોતાના પરમાત્મસ્વરૂપને પોતાથી પોતાના આધારે પોતામાં પોતાના માટે પોતે કર્તા થઈને પોતાને પામે છે. રાગ પોતાનું સ્વરૂપ નથી માટે તેના આધારે કે તેના વડે આત્મા પ્રાપ્ત થઈ શકતો નથી.

હવે ચાર ગાથાઓમાં 'પરલોક' શબ્દ દ્વારા પરમાત્માનું જ સ્વરૂપ કહે છે.

जोइज्जइ तिं बंभु परु जाणिज्जइ तिं सोइ ।
बंभु मुणेविणु जेण लहु गम्मिज्जइ परलोइ ॥१०९॥

પર એટલે ઉત્કૃષ્ટ એવો પોતાનો સ્વભાવ પરમબ્રહ્મ એવી પોતાની શક્તિને જે પુરુષ સ્વસંવેદનજ્ઞાન વડે જાણે છે તે પુરુષથી શુદ્ધાત્મા નિયમથી દેખી શકાય છે, તે પુરુષથી નિશ્ચયથી શુદ્ધાત્મા જાણ્યો જાય છે અને તેને જ પોતાનું પરમાત્મસ્વરૂપ શીઘ્ર પ્રાપ્ત થાય છે.

જીવની એક સમયની પર્યાય એ તો વ્યવહાર આત્મા છે. નિશ્ચયથી પરમ ઉત્કૃષ્ટ એવા પોતાના સ્વભાવને જે નિર્વિકલ્પ શાંતિ, આનંદ અને નિર્વિકલ્પ દૃષ્ટિ દ્વારા દેખે છે તે જ પોતાના શુદ્ધાત્માને જાણી શકે છે. અનાદિ અનંત ધ્રુવ વસ્તુને જે નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન દ્વારા અવલોકે છે તેણે પરમાત્માને જાણ્યો કહેવાય. આવા પરમાત્મસ્વરૂપ અનંતગુણના ગોદામને અવલોકવો તે જ આત્માનું કર્તવ્ય અને ક્રિયા છે.

પર એટલે પ્રધાન અર્થાત્ ઉત્કૃષ્ટ-પોતાનો આત્મા ઉત્કૃષ્ટ લોક છે માટે તેને 'પરલોક' શબ્દથી ઓળખાવ્યો છે. વસ્તુ પોતે જ દ્રવ્યસ્વરૂપે પરમાત્મા છે તેને દેખવો, જાણવો અને અનુભવવો એ આ પરમાત્મપ્રકાશમાં કહેવું છે. વિકલ્પ, વાણી અને શરીર તો જીવની ચીજ નથી માટે તેનું અહીં કાંઈ કામ જ નથી. વિકલ્પ તો વિભાવ છે તે કાંઈ તારું સ્વરૂપ નથી માટે તેનાથી કામ લેવું એ કાંઈ જીવનું સ્વરૂપ નથી. તેનાથી આત્માને લાભ પણ ન થાય.

વાણી વડે જીવના સ્વરૂપનું પ્રરૂપણ કરવાથી પણ આત્માને લાભ ન થાય, આત્માનું કામ ન થાય કેમ કે, વાણી તો પર છે. વિકલ્પથી પુણ્ય બંધાય પણ વાણીથી તો પુણ્ય પણ ન બંધાય. શરીર, વાણી અને વિકલ્પથી રહિત અને સ્વઅનંતગુણોથી સહિત એવા નિજ આત્માને જે સ્વસંવેદનજ્ઞાનથી અનુભવે છે તે પરલોકને એટલે કે ઉત્કૃષ્ટ આત્માને પ્રાપ્ત થાય છે.

તો પ્રશ્ન થાય કે, પરલોકસ્વરૂપ આત્માની પ્રાપ્તિનો ઉપાય તો એક જ છે તો પછી આ મંદિર આદિ બંધાવવા કે નહિ? ભાઈ! મંદિર બંધાવવાનું કાર્ય જીવ કરી શકતો જ નથી. મંદિર સ્વયં પોતાથી થાય છે તેને કોઈ બનાવી શકતું નથી. વાણી પણ સ્વયં થાય છે કેમ કે તે જડ છે તેને જીવ કરી શકતો નથી. વિકલ્પને પણ લાવવો હોય તેમ લાવી શકાતો નથી. એ તો કર્મના નિમિત્તના સંબંધમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે. માટે હે જીવ! તારે કરવું હોય તો સ્વસંવેદન કર! એ તારું કાર્ય છે. તેને તું લાવી શકે છે. તું પોતે પરમબ્રહ્મસ્વરૂપ છો તેની પર્યાયમાં પ્રાપ્તિ કરવી તે તારું કાર્ય છે તેને

તું કરી શકે છે. પરમાત્મતત્ત્વને જે દષ્ટિમાં અવલોકે છે, જાણે છે, અનુભવે છે તે જ તેને શીઘ્ર પ્રાપ્ત કરી શકે છે.

ભાવાર્થ :—શુદ્ધાત્માનું સ્વરૂપ શુદ્ધનિશ્ચયનયથી શક્તિરૂપથી કેવળજ્ઞાન કેવળદર્શન-સ્વભાવ છે તે જ વાસ્તવમાં પરમેશ્વર છે. ઉત્પાદ-વ્યયનો એક સમયની પર્યાય છે તે નિશ્ચય-આત્મા નથી. રાગ હો કે, શુદ્ધ પરિણતી હો તે નિશ્ચયતત્ત્વ નથી. વ્યવહારતત્ત્વ છે.

સર્વજ્ઞ ભગવાનનો નિર્ણય કરવા જાય ત્યાં એ સર્વજ્ઞપર્યાય જેમાંથી નીકળે છે એવા શક્તિરૂપ કેવળજ્ઞાન અને કેવળદર્શનનો નિશ્ચય થઈ જાય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનની પર્યાય તો વ્યવહાર-આત્મા છે, શક્તિરૂપ તત્ત્વ તે જ નિશ્ચય-આત્મા છે. અનંત પરમાત્મા જેના પેટમાં રહેલા છે એવો શક્તિરૂપ આત્મા તે નિશ્ચય-આત્મા છે.

ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યમાં ભાગમાં એકલું જ્ઞાન અને દર્શનસ્વરૂપી તત્ત્વ છે તે પોતે જ પરમેશ્વર છે. એક સમયની ઉત્પાદ-વ્યયની પર્યાયને બાદ કરી દ્યો તો એકલો આત્મા પૂરો પરમેશ્વર છે. કેવળજ્ઞાની પ્રગટ પરમાત્મા તો એક સમયના પરમાત્મા છે અને આ ભગવાન આત્માને ઉત્પાદ–વ્યયની પર્યાયને બાદ કરીને જુઓ તો એકલો ભગવાન પૂરો પરમેશ્વર છે.

પ્રગટ પરમાત્મામાં અને જીવમાં કોઈ જાતિભેદ નથી. બંને વસ્તુમાં કાંઈ ભેદ નથી. એક સમયની પર્યાયમાં જીવને કર્મ સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે એટલું બંધન છે, ત્યાં સુધી જીવ સંસારમાં ભ્રમણ કરે છે. જ્યાં સુધી જીવ કર્મ સાથે સંબંધ રાખે છે ત્યાં સુધી પરિભ્રમણ થાય છે એટલે કે જીવનો એક સમયનો પર્યાય કર્મના ઉદયના એક સમયના પર્યાય સાથે સંબંધ જોડે છે ત્યાં સુધી સંસાર ઊભો છે. જોડાણ તે જ સંસાર છે.

આ સંસાર પર્યાયથી ધ્રુવ તત્ત્વ આખું ભિન્ન, અખંડ એકરૂપ છે. સંસારપર્યાયનું લક્ષ છોડીને, એક સમયની સ્વસંવેદન પર્યાય વડે પરમેશ્વરને અવલોકવો તેનું નામ 'પરલોક' કહેવાય છે. કર્મ સાથે સંબંધ છે તે છોડીને પરમેશ્વરતત્ત્વ સાથે સંબંધ જોડવો. બસ આટલું જ કરવાનું છે. બીજું કાંઈ કરવાનું નથી. જડ સાથે આત્માને કાંઈ સંબંધ નથી માટે જડની ક્રિયા તો કાંઈ કરવાની નથી. વિકલ્પની ક્રિયા પણ કર્મ સાથે સંબંધ જોડવાથી ઉત્પન્ન થાય છે. જો કર્મ સાથે સંબંધ ન કરે અને આત્મામાં એકત્વ કરે તો વિકલ્પની ક્રિયા પણ ઊઠશે નહિ.

જૈનદર્શન લોકોને કઠણ પડે છે કેમ કે આ વાત એને સાંભળવા જ મળી નથી. જૈનદર્શન એટલે 'વસ્તુસ્વરૂપ'. આત્માનું સ્વરૂપ વીતરાગ છે—નિર્દોષ છે—પરમેશ્વરસ્વરૂપ છે, તેની વર્તમાન અવસ્થા બહારમાં જોડાય છે તેને બદલે પોતાના સ્વરૂપને અવલોકે

તો જૈનદર્શન પ્રગટ થાય. તેને પરમેશ્વરના ભેટા થઈ ગયા તે 'પરલોક'ને પ્રાપ્ત થયો. પર એટલે પ્રધાન એવા આત્મલોકને તેણે પ્રાપ્ત કરી લીધો. આ આલોક અને પરલોકની વાત નથી. અહીં પર એટલે સંસ્કૃતમાં બે અર્થ મૂકયા છે. પર અર્થાત્ ઉત્કૃષ્ટ અથવા પર એટલે નિયમથી તે જીવ પોતાના આત્માને પ્રાપ્ત કરે છે કે જે તેનો 'પરલોક' છે તેને નિર્વિકલ્પ જ્ઞાન દ્વાર અવલોક તો એ તારા માટે 'પરલોક' કહેવાય.

આ 'પરલોક' એવો પરમાત્મા ચોથા ગુણસ્થાનવાળાને તેના પ્રમાણમાં, મુનિને તેમના પ્રમાણમાં...એમ ચોથાથી માંડીને બધાંને પોતાની ભૂમિકા પ્રમાણે અવલોકનમાં આવે છે. આગળની ગાથામાં કહેશે કે ઇન્દ્ર, વાસુદેવ, હરિહર આદિના મનમાં આત્મા વસે છે માટે તેને 'પરલોક' કહેવામાં આવે છે.

સૂક્ષ્મ, બાદર એકેન્દ્રિયાદિ જીવોના શરીરમાં ભગવાન આત્મા જુદા જુદા, પૂરો પરમેશ્વર બિરાજે છે. તે જ આત્મા જ્યારે કર્મોથી રહિત થઈ જાય છે ત્યારે 'સિદ્ધ' કહેવાય છે. સંસાર અવસ્થામાં જુદા જુદા આત્મા છે તે સિદ્ધ થતાં એક થઈ જાય છે એમ કહેવું નથી. જે સંસારી કહેવાતો હતો તે જ પછી સિદ્ધ કહેવાય છે પણ દરેક આત્મા જુદેજુદાં રહે છે એક થઈ જતાં નથી.

આ પરમાત્મપ્રકાશમાં એકલો પૂરો પરમાત્મા દરેક સમયમાં બિરાજમાન છે તે બતાવ્યો છે. તેનું અવલોકન કરે ત્યારે તેણે પૂરા આત્માને જાણ્યો કહેવાય. આમાં શાસ્ત્રજ્ઞાન કામ કરતું નથી કારણ કે શાસ્ત્રજ્ઞાન તો પરલક્ષી છે માટે તે આત્મામાં કામ કરતું નથી પરલક્ષીનું લક્ષ છોડી, સ્વલક્ષીનું લક્ષ કરી, સ્વસંવેદનજ્ઞાન દ્વારા નિજ વસ્તુને અવલોકે તો નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનથી જ તે 'પરલોક'ની પ્રાપ્તિ થાય છે. ઉત્કૃષ્ટ આત્માની પ્રાપ્તિનો બીજો કોઈ ઉપાય નથી.

શ્રોતા :—વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવથી આત્માને પ્રાપ્ત કરવો કાંઈક સહેલો તો પડે ને? અને જો સહેલો ન પડે તો એ ભાવ શા માટે કરવા?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભાઈ! આત્માને પ્રાપ્ત કરવાની ભૂમિકામાં એવા શુભભાવ આવે છે. જ્ઞાનીને એવા ભાવ કરવાની બુદ્ધિ નથી. આવા વિકલ્પ કરું એવી બુદ્ધિ થવી એ પણ મિથ્યાત્વ છે. એવા વિકલ્પોથી આત્માને પ્રાપ્ત કરવામાં જરાય સહેલાઈ થતી નથી. શુભોપયોગનો અભાવ થાય ત્યારે શુદ્ધોપયોગમાં જીવ આવી શકે છે માટે, અહીં તો એક જ સીધી વાત છે કે પરમાત્મતત્વને અવલોકવું તે 'પરલોક' પ્રાપ્તિનો ઉપાય છે. આ 'પરલોક' લૌકિક ક્રિયા, શુભક્રિયા, શુભરાગ અને શાસ્ત્રજ્ઞાનથી પહેલે પાર છે. નિર્વિકલ્પ શાંતિ અને સમાધિ દ્વારા આ 'પરલોક'ની પ્રાપ્તિ થાય ત્યારે એની 'મતિ

એવી ગતિ’ થઈ ગઈ સમજો. આગળ ગાથા આવશે કે પરમેશ્વરમાં મતિ જાય તો ગતિ પણ તેમાં થાય.

સંસાર અવસ્થામાં જે શક્તિરૂપ આખું સત્ત્વ છે તે જ સિદ્ધ અવસ્થામાં વ્યક્તિરૂપ થાય છે. જે ભગવાન સંસાર અવસ્થામાં શક્તિરૂપ છે તે જ સિદ્ધ અવસ્થામાં પ્રગટ ભગવાન થઈ જાય છે.

વ્યવહારથી કાંઈ લાભ ન થાય એ અહીં તો કહેવું છે. વ્યવહારથી પુણ્ય બંધાય પણ અબંધ પરિણામ ન થાય. નિર્વિકલ્પ પર્યાય વડે વર્તમાનમાં પણ અબંધ પરિણામ થાય અને પૂર્ણપદની પ્રાપ્તિ પણ તેનાથી જ થાય. જ્યાં સુધી અધૂરી દશા છે ત્યાં સુધી સાથે વ્યવહાર હોય પણ તેનાથી આત્માને કાંઈ લાભ થતો નથી.

આ આત્મા જ પરબ્રહ્મ છે, આત્મા જ પરમવિષ્ણુ છે અને આત્મા જ પરમશિવ છે, નિરુપદ્રવ કલ્યાણની મૂર્તિ શક્તિરૂપ આત્મા જ પરમબ્રહ્મ, વિષ્ણુ અને પરમશિવ છે. આત્મા જ શક્તિએ પોતે ભગવાન છે અને પ્રગટરૂપે ભગવાન અર્હંતદેવ અને સર્વ સિદ્ધ પરમાત્માને પણ પરમબ્રહ્મ પરમવિષ્ણુ અને પરમશિવ કહેવાય છે. આમ નિશ્ચયથી જાણો.

આમ, કહેવાથી એ સિદ્ધ થાય છે કે જગતમાં જેને સર્વવ્યાપક બ્રહ્મ, વિષ્ણુ, શિવ કહેવાય છે તે કલ્પિત છે. એ કોઈ પરમબ્રહ્મ આદિ નથી. તું પોતે જ પરમબ્રહ્મ, વિષ્ણુ અને શિવ છો. જે શક્તિરૂપ પરમાત્મા છે તેની દૃષ્ટિ, જ્ઞાન અને તેમાં સ્થિરતા કરવાથી વ્યક્તિરૂપ પરમાત્મા થઈ જાય છે. આ એક જ માર્ગ છે. નિશ્ચય મોક્ષમાર્ગ અને વ્યવહાર મોક્ષમાર્ગ એવા બે માર્ગ નથી. વ્યવહાર તો આંધળો છે તે વસ્તુને કેવી રીતે જોઈ શકે? નિર્વિકલ્પ જ્ઞાન જ એક દેખતું છે તે આત્મવસ્તુને–નિજલોકને અવલોકી શકે છે. દેવ-શાસ્ત્ર-ગુરુ સંબંધી વિકલ્પ હો કે પંચમહાવ્રતનો વિકલ્પ હો કે શાસ્ત્ર-જ્ઞાનનો વિકલ્પ હો...તે બધો વિકલ્પાત્મક વ્યવહાર આંધળો છે. તે વસ્તુને જોઈ શકતો નથી.

જ્ઞાનસ્વરૂપ નિર્મળ પરમેશ્વર ભગવાન આત્માના જ્ઞાનના કિરણો નિર્મળ છે અને જાણી શકે તેવા છે, તેના વડે જ આત્મા જાણી શકાય છે. જ્ઞાનની આંખ નિર્મળ છે તેથી જ્ઞાયકને જાણી લે છે. નિશ્ચયથી જ મોક્ષ પમાય અને વ્યવહારથી ન પમાય એનું નામ અનેકાંત છે. નિશ્ચયથી અને વ્યવહારથી બંનેથી મોક્ષ પમાય એવું અનેકાંત ન હોય.

પોતાના અસંખ્યપ્રદેશ જ ખરેખર પરમધામ છે પણ વ્યવહારથી લોકનું શિખર કે જ્યાં અનંત સિદ્ધ બિરાજી રહ્યા છે તે પરમધામ છે. ખરેખર સિદ્ધો તો પોતાના

અનંત ગુણોની પરિણતિરૂપ પરમધામમાં બિરાજી રહ્યા છે. પરમધામને જ બ્રહ્મલોક, વિષ્ણુલોક અને શિવલોક કહેવામાં આવે છે. અન્ય કોઈ બ્રહ્મલોક કે વિષ્ણુલોક કે શિવલોક નથી. જે સિદ્ધપરમેષ્ટી થઈ ગયા તેને જ બ્રહ્મા, વિષ્ણુ અને શિવ કહેવાય છે અને જ્યાંથી સિદ્ધ થયા એવા નિર્વાણક્ષેત્રને બ્રહ્મલોક, વિષ્ણુલોક અથવા શિવલોક કહેવાય છે.

અરિહંત અને સિદ્ધભગવાન તો વ્યક્તિરૂપ પરમાત્મા છે અને આ જીવ શક્તિરૂપ પરમાત્મા છે તેમાં સંદેહ નથી. માટે ભ્રાંતિ ન કર! તું પરમેશ્વરસ્વરૂપે જ બિરાજે છો. તેમાં શંકા ન કર! જેટલા ભગવાનના નામ છે એટલાં જ બધાં શક્તિરૂપ જીવના નામ છે. આ જીવ જ શુદ્ધનિશ્ચયનયથી ભગવાન છે. તેને તું ભજ! નિર્વિકલ્પજ્ઞાન અને નિર્વિકલ્પ સમાધિ વડે જ ભગવાનનું ભજન થઈ શકે છે.

આવી નિર્વિકલ્પ જ્ઞાન અને સમાધિની સ્થિતિ ક્યારે અને કોને થઈ શકે તેનો ખુલાસો હવે ૧૧૦ ગાથામાં કરશે. કોઈ એમ માનતું હોય કે આવી સ્થિતિ સાતમા ગુણસ્થાને જ થાય, એ પહેલાં ન થાય, તો એમ નથી.

ભગવાનનું નામ જ પરલોક છે એમ ગાથામાં કહે છે.

मुणि–वर–विंदहँ हरि–हरहं जो मणि णिवसइ देउ ।
परहँ जि परतरु णाणमउ सो वुच्चइ परलोउ ॥ ११० ॥

જુઓ! અહીં કહે છે કે મુનીશ્વરોના સમૂહમાં તથા ઇન્દ્ર વા વાસુદેવ રુદ્રોના ચિત્તમાં આત્મદેવ વસી રહ્યાં છે. તેને જ ઉત્કૃષ્ટથી પણ ઉત્કૃષ્ટ જ્ઞાનમયી પરલોક કહેવામાં આવે છે. સંતોના જ્ઞાનમાં પરમેશ્વર બિરાજે છે. સંતોના જ્ઞાનમાં પંચમહાવ્રત કે દયા, વ્રત, તપાદિ બિરાજતાં નથી. ઇન્દ્ર તો ચોથા ગુણસ્થાને છે તેની જ્ઞાનપર્યાયમાં પણ પરમાત્મા બિરાજે છે. કોઈ જાતનો રાગ એના જ્ઞાનપદમાં બિરાજતો નથી. સમ્યગ્જ્ઞાનની પર્યાયના પદમાં પરમેશ્વર જ બિરાજે છે. બીજું કોઈ તેમાં બિરાજતું નથી. વ્યવહાર વિકલ્પ આવે છે તેનું જ્ઞાન થાય છે પણ તે વિકલ્પ જ્ઞાનપદમાં બિરાજતો નથી. જ્ઞાન ભલે બધાંને જાણે છે પણ તેના જ્ઞાનપદમાં તો એક આત્મદેવ જ બિરાજે છે. ભગવાન આત્મા જ જ્ઞાનપદમાં સ્થપાયેલો છે.

પરમાત્મપ્રકાશમાં એવી અલૌકિક રીતે વાત લીધી છે. જ્ઞાનીના મતિ, શ્રુતજ્ઞાનમાં ભગવાન આત્મા જ બિરાજે છે. કોઈ રાગ, વિકલ્પ કે નિમિત્તો તેમાં વસતા જ નથી. કેમકે તે જ્ઞાનનું લક્ષ આત્મામાં છે, રાગ કે નિમિત્તમાં તેનું લક્ષ નથી. કોઈ રાગને તે પાળતા નથી. એ તો પરમાત્માને પાળે છે. જ્યાં પરમેશ્વર વસે છે ત્યાં રાગ વસી

શકતો નથી કારણ કે એક મ્યાનમાં બે તલવાર સમાતી નથી. તેમ જ્ઞાનપદમાં આત્મદેવ અને રાગ, બે સમાઈ શકતાં નથી. જ્ઞાનમાં પરમેશ્વર જ બિરાજે છે, જ્ઞાનીનું મન એટલે નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનના અર્થમાં લેવું છે—તેમાં ભગવાન વસે છે, વિકલ્પાદિ કોઈ તેમાં વસતા નથી.

શ્રોતા:—અમારો પરમેશ્વર ક્યાં ખોવાઈ ગયો છે!

પૂજ્ય ગુરુદેવશ્રી:—ક્યાંય ખોવાઈ ગયો નથી. નજર કરતાં નથી તેથી દેખાતો નથી. ગોદડાં ઓઢીને સૂતો હોય તેને સોનાના નળિયા થઈ જાય (દિવસ ઊગી જાય) તે દેખાતા નથી. કેમકે આંખ ખોલીને તે જોતો નથી. તેમ પોતાના પરમાત્મા સામે નજર કરે તો પરમાત્મા દેખાય ને? જ્ઞાનનેત્ર વડે જુએ તો પરમાત્મા તો બિરાજમાન જ છે. અવલોકન કરે તો દેખાય.

શ્રોતા:—આંખ ખૂલતી નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી:—આંખ તો ખૂલે છે પણ તે પરને જોવા માટે ખૂલે છે. પોતાને જોવા માટે એ આંખને ખોલતો નથી તેથી પરમાત્મા દેખાતો નથી. અજ્ઞાનીનો જ્ઞાનનો ક્ષયોપશમ પરને અને રાગને જોવામાં જ રોકાઈ ગયો છે. સ્વને જોતો જ નથી. પામરતાને, વિકારને અને નિમિત્તને જ દેખે છે તે જ્ઞાનને જ્ઞાન જ કહેવાતું નથી. એ જ્ઞાન આત્માની પર્યાય નથી, એ તો પામર પર્યાય છે.

જેની પર્યાય પોતાની મૂળ વસ્તુને અવલોકે છે—અનંતગુણના એકરૂપ અખંડ ધ્રુવ પરમેશ્વરને જે અવલોકે છે તેની જ્ઞાનપર્યાયમાં ભગવાન વસ્યા છે તે પર્યાય છે પણ તેમાં ભગવાન વસ્યો છે માટે તે આત્માની પર્યાય છે. જે પર્યાયમાં રાગ કે નિમિત્તાદિ વસ્યા છે તે આત્માની પર્યાય જ નથી.

અનંત અનંત ગુણનો પુંજ પ્રભુ પૂરો પરમેશ્વર છે. તેમાં અનંતગુણની રાશિ છે તેમાંથી ઢગલાં પ્રગટે છે. આવા પ્રભુના મતિશ્રુતજ્ઞાનમાં અવલોકન થઈ શકે છે. કેવી રીતે?—કે નિર્વિકલ્પ જ્ઞાન અને શાંતિ વડે તેનું અવલોકન થાય છે. ચોથા ગુણસ્થાનથી જ પરમાત્માનું અવલોકન શરૂ થઈ જાય છે. ઇન્દ્ર અને વાસુદેવ આ બે શબ્દ ગાથામાં મૂકયા છે તેના ઉપરથી ચોથા ગુણસ્થાનમાં અવલોકનની વાત સાબિત થઈ જાય છે.

અહો! જેને પરમેશ્વર ભેટયા તેને હવે બીજું શું જોઈએ! જેણે મતિ-શ્રુતજ્ઞાનમાં પરમેશ્વરને અવલોકયો તેને હવે દુનિયામાંથી કાંઈ જોઈતું નથી. દુનિયા મને જાણે—દુનિયા મને ઠીક કહે તો મને ઠીક લાગે એવી જેને અપેક્ષા છે એ તો મૂઢ છે. પોતાના મતિ અને શ્રુતજ્ઞાનમાં પરમેશ્વર વસ્યા તેને હવે પરમેશ્વરથી ઊંચી ચીજ તો જગતમાં ક્યાંય

છે નહિ તો હવે તેને કોની જરૂર છે! હું તમને સમજાવું છું માટે તમે મને ગુરુ તરીકે સ્વીકારો તો હું મોટો ગણાઉં એમ જેને થાય છે તે તો મૂઢ છે.

અહીં તો 'પરલોક' શબ્દની વ્યાખ્યામાં જેના અવલોકનમાં 'પ્રભુ' આવ્યા તેની મતિ પ્રભુની થઈ ગઈ, તેની ગતિ પણ ત્યાં જ થશે અને પરમાત્મા થઈ જશે એમ કહેવું છે. જેણે પોતાની જ્ઞાનપર્યાયમાં રાગને નહિ વસાવતાં પ્રભુને વસાવ્યો તે પ્રભુ થઈ જશે. આ ઇન્દ્રોની સમક્ષમાં, બાર સભામાં બિરાજતાં પ્રભુની વાણીમાં આમ ફરમાવ્યું છે.

ઇન્દ્રની પદવી મોટી છે, ૩૨ લાખ તો વિમાન છે, કરોડો અપ્સરાઓ છે, અસંખ્ય દેવો જેની આજ્ઞા માને છે માટે ઇન્દ્ર મોટાં છે એમ નથી. ઇન્દ્રના જ્ઞાનમાં પરમેશ્વર વસ્યો છે તેનાથી તેની મોટપ છે. ઇન્દ્રને આ વૈભવથી મોટપ ભાસતી નથી. અહીં તો જરાં બોલતાં આવડે, લોકો માનવા લાગે ત્યાં એમ થાય કે અહા! આપણે પ્રસિદ્ધ થયાં પણ તે ખરેખર પ્રસિદ્ધ થયો નથી. તેમાં તો રાગની પ્રસિદ્ધિ થઈ, તેના આત્માની પ્રસિદ્ધિ નથી.

ભાવાર્થ :—પરલોક શબ્દનો અર્થ એવો છે કે, પર અર્થાત્ ઉત્કૃષ્ટ વીતરાગ ચિદાનંદ શુદ્ધ સ્વભાવી આત્મા તેનો લોક અર્થાત્ અવલોકન—નિર્વિકલ્પ સમાધિમાં સ્વભાવનો અનુભવ કરવો તે 'પરલોક' છે. વીતરાગ ચિદાનંદ એટલે પર્યાયની વાત નથી. વસ્તુ પોતે રાગ અને વિકાર વિનાનું નિર્દોષ તત્ત્વ હોવાથી તેને 'વીતરાગ' વિશેષણ આપ્યું છે. વસ્તુ ત્રિકાળ વીતરાગસ્વરૂપ છે અને અખંડ આનંદસ્વરૂપ છે એટલે કે એકલા જ્ઞાન અને આનંદનું પૂર છે. એવા સ્વભાવને અવલોકવો તે 'પરલોક' છે. એકલો ચિદાનંદ આત્મા તે 'પર' અને તેને અવલોકે તો તેને 'પરલોક' કહેવાય. એકલા આત્માને પરલોક કહ્યો નથી. નિર્વિકલ્પ જ્ઞાન અને સમાધિની પર્યાયમાં આત્માને અવલોકે અને અનુભવે તો તેને 'પરલોક' કહેવાય. રાગ વિનાની જ્ઞાનપર્યાય દ્વારા આત્માને અનુભવવો તેનું નામ 'પરલોક' છે.

આત્માનું સ્વરૂપ એવું છે કે બહારથી કયાંયથી મળે તેવું નથી અને અંદરમાંથી કયાંય ગયું નથી. માત્ર મતિશ્રુતજ્ઞાનની નિર્મળતામાં તેને અવલોકે તો તે પ્રગટ થાય તેવું છે. મુનીશ્વરો તો આત્માને અવલોકે જ છે પણ ઇન્દ્રો અને વાસુદેવો પણ તેને અવલોકે છે. તેમના ચિત્તમાં પણ પરમાત્માં વસે છે. ચોથા ગુણસ્થાને માત્ર દેવ-શાસ્ત્ર-ગુરુની શ્રદ્ધા જ હોય, આત્માનું અવલોકન ન હોય, એમ નથી. જે એમ માને છે કે ચોથા ગુણસ્થાનમાં અનુભવ ન હોય તેની યોગ્યતા એ પ્રકારની છે એટલે એમ માને છે પણ તે તેને દુઃખરૂપ છે. વસ્તુસ્વરૂપથી વિપરીત માન્યતાવાળો જીવ

દુઃખી છે, તેની ઉપર તિરસ્કાર ન થાય પણ તેની દયા આવે. અરે ભાઈ! જ્યાં નિર્વિકલ્પ પર્યાય દ્વારા આત્મા અવલોકાય છે તેને તું એકલા શુભરાગથી આત્માનું ધ્યાન થવું માને છે એ તો તારી ઊલટી દૃષ્ટિ છે, તેમાં તને નુકશાન છે. તારી દૃષ્ટિમાં નુકશાન થાય અને અમને તિરસ્કાર આવે! ના, દયા આવે છે.

આ કોઈ વ્યક્તિની વાત નથી, આ તો વસ્તુસ્થિતિ જણાવાય છે. મુનિપણું આવું હોય; ચોથું ગુણસ્થાન આવું હોય...એમ સ્વરૂપ કહીએ છીએ. કોઈને એવી દશા નથી અને એમ માને છે તેને દુઃખી કરવા માટે કહેવાતું નથી. એક તો ઊલટી દૃષ્ટિથી તેને અંદરમાં આકુળતા વેદાય રહી છે તેની તો તેને ખબર નથી પણ દુઃખી તો છે તેને 'તું બરાબર નથી' એમ કહીને દુઃખી કરવો નથી.

શ્રીમદ્ કહે છે ને!

'કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્કજ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો, કરુણા ઊપજે જોઈ.'

ભાઈ! તું દુઃખના પંથે પડયો છો અને સુખનો પંથ માને છો પણ રસ્તો એમ મળશે નહિ ભાઈ!...કોઈ વ્યક્તિની નિંદા કે અનાદર કરવાનો ભાવ નથી. પરમેશ્વર સ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન કરવાની રીતને માનતો નથી અને બીજી રીતે માને છે તે પોતે જ પોતાને નુકશાન કરે છે. બાકી બીજો તો કોણ કોની નિંદા કરે કે કોણ કોની સેવા કરે! યોગસારમાં આવી ગાથા આવે છે. જીવ પોતે જ સાચી દૃષ્ટિ વડે પ્રભુને અવલોકીને સુખી થાય છે અને ન સમજે તો પોતે જ વિપરીત દૃષ્ટિ વડે દુઃખી થાય છે.

જેના જ્ઞાનમાં પ્રભુ બિરાજે છે તેને અહીં 'પરલોક' કહે છે. તેને સમ્યગ્જ્ઞાન છે તે વડે તે સુખી થશે અને સિદ્ધદશાને પામશે અને જે આત્માને નથી જાણતો તેના મિથ્યાજ્ઞાનના પરિણામ પ્રમાણે દુઃખી થશે, નિગોદમાં જશે. કોઈને કાંઈ કહેવાની વાત નથી. અહીં તો પરમાત્મપ્રકાશમાં વસ્તુસ્થિતિ જેમ છે તેમ જણાવી છે, તેને તમે જાણો.

[ ક્રમશઃ ]

[તા. ૧૧-૧૦-૯૬]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન–વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ
પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા
સવારે ૮-૩૦ થી ૯-૩૦ : શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : 'શ્રી નિયમસાર' ઉપર આધ્યાત્મિક ટેપ-પ્રવચન
બપોરે પ્રવચન પહેલાં : પરમપૂજ્ય ગુરુદેવશ્રીની સ્તુતિ
બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ
બપોરે ૪-૧૫ થી ૫-૦૦ : જિનેન્દ્રભક્તિ
સાંજે ૭-૪૫ થી ૮-૪૫ : પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી કળશટીકા' ઉપર ભાવવાહી ટેપ-પ્રવચન

દીપાવલી : સોમવાર, તા. ૧૧-૧૧-૯૬
નૂતનવર્ષ : સોમવાર, તા. ૧૧-૧૧-૯૬
(ભાઈબીજ : મંગળવાર, તા. ૧૨-૧૧-૯૬)

## મહાવીરનિર્વાણ–પંચાહ્નિક–મહોત્સવ :

પ્રતિવર્ષ અનુસાર 'શ્રી મહાવીર-નિર્વાણકલ્યાણક' દીપાવલીના મંગળ અવસર આસો વદ ૧૧, ગુરુવાર તા. ૭-૧૧-૯૬થી આસો વદ અમાસ, સોમવાર, તારીખ ૧૧-૧૧-૯૬ પાંચ દિવસ સુધી શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં 'શ્રી જિનેન્દ્ર-પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીરજિનેન્દ્રભક્તિ તેમ જ અધ્યાત્મ જ્ઞાનોપાસના વગેરે વિવિધ કાર્યક્રમ સાથે ઉજવવામાં આવશે.